CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૧૧   શનિવાર તા.૨૫-૦૭-૨૦૨૬   અંક : ૨૨૩ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# સાઉદી અરેબિયાની તેલ કંપની અરામકો ઉપર ભીષણ હુમલો

## યમનના હુથી વિદ્રોહી જૂથે વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની સહિત અનેક સ્થળોએ કર્યો મિસાઈલ અને ડ્રોન હુમલો



યુએઈ

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ હવે વધુ વકર્યો છે. યમનના હુથી વિદ્રોહી જૂથ દ્વારા સાઉદી અરેબિયાના વિવિધ મહત્ત્વપૂર્ણ વિસ્તારોને લક્ષ્ય બનાવીને એક મોટો મિસાઈલ અને ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં દુનિયાની સૌથી મોટી ઓઈલ પ્રોડ્યુસિંગ કંપની 'સાઉદી અરામકો'ના મુખ્ય ઓઈલ પ્લાન્ટ અને રિફાઈનરીઓને નિશાન બનાવવામાં આવી છે, જેના કારણે સમગ્ર સાઉદી અરેબિયામાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ, યમન સરહદ નજીક આવેલા જીઝાન (ત્રૈડક્રહ) અને રેડ સીના કિનારે આવેલા ઔદ્યોગિક શહેર યાનબુમાં આવેલા અરામકોના ઠેકાણાઓ પર એકસાથે અનેક બેલિસ્ટિક મિસાઈલો અને વિસ્ફોટક ડ્રોન દ્વારા પ્રહાર કરવામાં આવ્યા હતા. આ હુમલા બાદ સંબંધિત વિસ્તારોમાં મોટા વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા અને સુરક્ષા એજન્સીઓ તુરંત જ એલર્ટ મોડ પર આવી ગઈ હતી.

યમનના હુથી જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારતા જણાવ્યું છે કે સાઉદી અરેબિયા દ્વારા યમન પર કરવામાં આવતી લશ્કરી કાર્યવાહીના જવાબરૂપે આ હુમલો કરવામાં આવ્યો છે. જો સાઉદી અરેબિયા પોતાના આક્રમક વલણને નહીં રોકે, તો આગામી દિવસોમાં આનાથી પણ વધુ વિનાશક હુમલા કરવામાં આવશે તેવી ચીમકી પણ વિદ્રોહીઓ દ્વારા આપવામાં આવી છે. બીજી તરફ, સાઉદી અરેબિયા અને તેના સહયોગી દેશો આ હુમલાને નાગરિક સંસાધનો અને વૈશ્વિક ઊર્જા સુરક્ષા પરનો મોટો હુમલો ગણાવીને આકરા પ્રતિક્રિયાત્મક પગલાં લેવાની તૈયારી કરી રહ્યા છે.

### પ્રથમ વખત ખાડી દેશ કુવૈત અને બેહરીને ઈરાન ઉપર કર્યો હુમલો

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને સંઘર્ષ વચ્ચે મિડલ ઈસ્ટક્ષેત્રમાં યુદ્ધ વધુ વકર્યું છે. ઈરાન દ્વારા સતત કરવામાં આવી રહેલા હુમલાઓના જવાબમાં હવે અખાતી દેશો પણ સીધા યુદ્ધમાં કૂદી પડ્યા છે.બેહરીન અને કુવૈતે પ્રથમ વખત ઈરાન પર સીધા સૈન્ય હુમલા શરૂ કરી દીધા છે.

બેહરીન અને કુવૈતે ઈરાનના મિસાઈલ સ્ટોરેજ અને મહત્ત્વના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આ જવાબી કાર્યવાહીમાં સાઉદી અરેબિયા બંને દેશોને ઈન્ટેલિજન્સ અને ડિફેન્સિવ એર કવર આપીને મદદ કરી રહ્યું છે.

અત્યાર સુધી કુવૈત અને બેહરીન જેવા અખાતી દેશો માત્ર પોતાની આત્મરક્ષા પૂરતી જ કામગીરી કરતા હતા. ઈરાન તરફથી આવતા ડ્રોન કે મિસાઈલોને હવામાં જ તોડી પાડવા સુધી જ તેમની સક્રિયતા સીમિત હતી, જેથી યુદ્ધ વધુ ન વકરે. પરંતુ ઈરાન દ્વારા સતત થઈ રહેલા હુમલાઓને જોતા હવે આ દેશોએ પણ આક્રમક વલણ અપનાવ્યું છે.

# હોર્મુઝની ખાડીમાં એલપીજી ટેન્કર ઉપર મિસાઈલ હુમલો

## હુમલાની ઘટનામાં સદનસીબે જહાજ ઉપર સવાર ૨૮ ભારતીય નાવિકો સલામત

તેહરાન

ઈરાનની જળસીમામાં એક એલપીજી ટેન્કર પર મિસાઈલ હુમલો થવાની ગંભીર ઘટના સામે આવી છે. જોકે, રાહતની વાત એ છે કે આ જહાજ પર સવાર તમામ ૨૮ ભારતીય નાવિકો સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે આ ઘટનાની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે તેઓ સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે તેમજ સમગ્ર મામલા પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે.ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર નિવેદન જાહેર કરીને માહિતી આપી હતી કે, મોઝામ્બિકના ધ્વજ ધરાવતા 'દિશા' નામના ન્ય ટેન્કર પર આ હુમલો કરવામાં આવ્યો હતો. 'ફોરવર્ડ સીમેન્સ યુનિયન ઑફ ઈન્ડિયા' (ભારતીય સમુદ્રી કર્મચારીઓનું સંગઠન) અનુસાર, જ્યારે ટેન્કર પર્સિયન ગલ્ફ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે હોર્મુઝ સ્ટ્રેટ નજીક એક અજ્ઞાત મિસાઈલ વડે તેના પર પ્રહાર કરવામાં આવ્યો હતો. જોકે, આ હુમલો કોણે કર્યો છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.આ ઘટનાને કારણે વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંના એક એવા હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. ઈરાન અને ઓમાન વચ્ચે આવેલો આ જળમાર્ગ વૈશ્વિક ઊર્જા પુરવઠા માટે ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવે છે, જ્યાંથી વિશ્વના લગભગ ૨૦%ઓઈલ અને ગેસની સપ્લાય પસાર થાય છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને જુલાઈની શરૂઆતમાં અસ્થાયી યુદ્ધવિરામ તૂટ્યા બાદ આ વિસ્તારમાં વ્યાપારી જહાજોની સુરક્ષા પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. ભારતીય દૂતાવાસે આશ્વાસન આપ્યું છે કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ભારતીય નાગરિકોની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે.

# ગુજરાતને ચાર દિવસ સુધી ધમરોળશે વરસાદ : સાંતલપુરમાં ૧૫ ઈંચ

## ઉત્તર ગુજરાત સહિત ૨૬૫ તાલુકાઓમાં ૧ થી ૧૫ ઈંચ વરસાદ



અમદાવાદ

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી ભારે વરસાદ પડી રહ્યો છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત બાદ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૬૫ તાલુકામાં વરસાદ પડ્યો હતો. પાટણના સાંતલપુરમાં સૌથી વધુ ૧૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે આજે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં રાજ્યના ૨૬૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો.

એક તાલુકામાં ૧૫ ઈંચ, એક તાલુકામાં ૧૩ ઈંચથી વધારે, એક તાલુકામાં૧૧ ઈંચથી વધારે, બે તાલુકામાં ૧૦ ઈંચથી વધારે, એક તાલુકામાં ૮ ઈંચથી વધારે, બે તાલુકામાં ૭ ઈંચથી વધારે, બે તાલુકામાં ૬ ઈંચથી વધારે, પાંચ તાલુકામાં ૫ ઈંચથી વધારે, ૧૮ તાલુકામાં ૪ ઈંચથી વધારે વરસાદ પડ્યો હતો. ૩૩ તાલુકામાં ૩ ઈંચથી વધારે, ૪૨ તાલુકામાં ૨ ઈંચથી વધારે, ૮૬ તાલુકામાં ૧ ઈંચથી વધારે વરસાદ નોંધાયો હતો. જ્યારે ૭૧ તાલુકામાં એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં પાટણના સાતંલપુરમાં સૌથી ૧૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. પાટણના રાધનપુરમાં ૧૩.૪૬ ઈંચ, વાવ-થરાદના ભાભરમાં ૧૧.૩૦ ઈંચ, ખેડાના નડીયાદમાં ૧૦.૩૧ ઈંચ, ખેડાના મહેમદાબાદમાં ૮.૩૯ ઈંચ, બનાસકાંઠાના દાંતીવાડામાં ૭.૦૯ ઈંચ વરસાદ પડ્યો હતો.

### આજે રાજ્યમાં ભારે વરસાદની આગાહી

રાજ્યમાં ભારે સાર્વત્રિક વરસાદની આગાહી છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા અને મહિસાગર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે અને એક-બે સ્થળોએ અત્યંત ભારે વરસાદ પડવાની શક્યતા છે. બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી છે. બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી છે.

# ભારે વરસાદની આગાહીના પગલે તંત્રને એલર્ટ રહેવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો આદેશ

## મુખ્યમંત્રીએ SEOC ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી



ગાંધીનગર

ગુજરાતમાં હવામાન વિભાગ અનુસાર આગામી ૩-૪ દિવસ મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, અમદાવાદ અને સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં વ્યાપક વરસાદની શક્યતા છે. જેના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે SEOC ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. તેમજ આગામી ભારે વરસાદને લઈ જિલ્લા તંત્રને હાઈ એલર્ટ પર રહેવા સૂચના આપી છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં બચાવ કામગીરી પૂર્ણતાના આરે છે. તેમજ હવે રાહત અને પુનઃસ્થાપન પર સરકારનું સંપૂર્ણ ધ્યાન છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૦,૫૦૦ લોકોનું સ્થળાંતર અને ૬,૩૬૭ લોકોનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જ્યારે વલસાડમાં છેલ્લા ૩૦ વર્ષના સરેરાશના ૯૦.૯૮ ટકા અને નવસારીમાં ૯૫.૧૩ ટકા વરસાદ અત્યાર સુધીમાં નોંધાયો છે. તેમજ NDRFની ૧૭ અને SDRFની ૩૨ ટીમો રાજ્યભરમાં બચાવ અને રાહત કામગીરીમાં કાર્યરત છે. આર્મીની ૬ ટુકડીઓ પણ તૈનાત છે. આ અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય માટે રૂ. ૪૦ કરોડની ફાળવણી કરી છે. જેમાં વલસાડમાં સહાય વિતરણ શરૂ કરવામાં આવી છે.તેમજ ૩૬૫ માર્ગો પૂર્વવત કરવામાં આવ્યા છે. તેમજ પૂર બાદ સંભવિત રોગચાળો અટકાવવા અસરગ્રસ્ત વિસ્તારોમાં વિશેષ સફાઈ અભિયાન ચલાવવાની મુખ્યમંત્રીએ સૂચના આપી છે.

# પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામમાં શેર કરેલા વીડિયોને માત્ર ૨૪ કલાકમાં મળ્યા ૩૨૨ મિલિયન વ્યૂઝ

## પ્રધાનમંત્રીએ બીજો વીડિયો પોસ્ટ કરીને વિદ્યાર્થીઓનો માન્યો આભાર



નવી દિલ્હી

પેપર લીક મામલે કેન્દ્ર સરકારે લીધેલા પગલાઓ અંગે ગુરૂવારે રાત્રે પીએમ મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામમાં એક વીડિયો શેર કર્યો હતો. જેને માત્ર ૨૪ કલાકમાં જ ૩૨૨ મિલિયન વ્યૂઝ મળ્યાં હતાં. પછી ગઈકાલે પણ મોડી રાત્રે એક વીડિયો પીએમ મોદીએ શેર કર્યો છે. ગુરૂવારે જે વીડિયો પોસ્ટ કર્યો તેમાં યુવાનોએ જે સારી પ્રતિક્રિયા આપી તેનો પીએમ મોદીએ આભાર માન્યો છે.

આ વીડિયોમાં પીએમ મોદીએ કહ્યું કે, 'કાલે મારો વીડિયો જોવાવાળા અને સારો પ્રતિસાદ આપવા વાળા યુવાનોનો આભાર'. વધુમાં કહ્યું કે, 'ધન્યવાદ દોસ્તો.. મને મોડી રાત્રે તમને મળવાનો અવસર મળ્યો. જે પ્રકારે તમે મારા વીડિયોને રિસ્પોન્સ આપ્યો છે, સકારાત્મક પ્રતિભાવ આપ્યા તેના માટે હું તમારા વખાણ કરૂ છું. દરેક સાથીઓનો આભાર'.પીએમ મોદીના બંને વીડિયોને સોશયલ મીડિયામાં ખૂબ જ પસંદ કરવામાં આવ્યો છે. બીજા વીડિયોને માત્ર આઠ જ મિનિટમાં ૨૫ લાખ વ્યૂઝ મળ્યાં હતાં. જ્યારે ઈન્સ્ટાગ્રામમાં માત્ર ૨૦ મિનિટમાં ૧૦ લાખથી વધારે લાઈક્સ મળી હતી. પહેલો વીડિયો પીએમ મોદીએ ગુરૂવારે રાત્રે ૧૧.૫૨ વાગ્યે પોસ્ટ કર્યો હતો. જેમાં કેન્દ્રીય મંત્રીમંડલ પેપર લીક મામલે ચર્ચા કરી રહ્યું હોવાની વાત કરી હતી. આ સાથે ફાસ્ટટ્રેક કોર્ટની પણ જાહેરાત કરી હતી. હવે બીજી વીડિયોમાં તેઓ યુવાનોનો આભાર માની રહ્યાં છે.

# મુસાફરોને ટોલ ટેક્સમાં રાહત આપવા સરકારે નિયમોમાં કર્યો ફેરફાર

## નવી ફોર્મ્યુલા મુજબ બ્રિજ, ટનલ, ફ્લાયઓવર અથવા એલિવેટેડ સેક્શનવાળા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટોલ ટેક્સ ઘટશે




નવી દિલ્હી

દેશભરમાં હાઈવે પર મુસાફરી કરતા કરોડો વાહનચાલકો માટે મોટા રાહતના સમાચાર છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ટોલ ફી નક્કી કરવાના નિયમોમાં ફેરફાર કર્યા છે. નવી ફોર્મ્યુલા મુજબ રાષ્ટ્રીય ધોરીમાર્ગો, જેમાં બ્રિજ, ટનલ, ફ્લાયઓવર અથવા એલિવેટેડ સેક્શન સામેલ છે, ત્યાં ઘણા કિસ્સાઓમાં અગાઉ કરતા ઓછો ટોલ ચૂકવવો પડી શકે છે. સરકારનું કહેવું છે કે નવા નિયમનો ઉદ્દેશ્ય મુસાફરો માટે ટોલ ચાર્જને વધુ કિફાયતી બનાવવાનો છે. સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રાષ્ટ્રીય રાજમાર્ગ શુલ્ક નિયમોમાં ફેરફાર કર્યો છે. નવા નિયમ અનુસાર, જે હાઈવે પર સ્વતંત્ર બ્રિજ, ટનલ, ફ્લાયઓવર કે એલિવેટેડ હાઈવે બનેલા છે, ત્યાં ટોલ માટે અંતરની ગણતરી બે પદ્ધતિઓથી કરવામાં આવશે. તેમાંથી જે અંતર ઓછું હશે, તેના જ આધારે ટોલ વસૂલવામાં આવશે.

અગાઉ આવા બ્રિજ અથવા એલિવેટેડ રોડ પર ટોલની ગણતરી સામાન્ય રસ્તાની સરખામણીમાં વધુ અંતર માનીને કરવામાં આવતી હતી. હાઈવે કે એક્સપ્રેસ વે બનાવવામાં કુલ કેટલો ખર્ચ થયો છે અને તેનું અંતર કેટલું છે, તેના આધારે પ્રતિ કિલોમીટરનો દર નક્કી થાય છે. કાર, જીપ જેવા હલકા વાહનોની સરખામણીમાં બસ, ટ્રક અને ભારે માલવાહક વાહનો પાસેથી વધુ ટોલ વસૂલવામાં આવે છે કારણ કે તેઓ રસ્તાને વધુ નુકસાન પહોંચાડે છે.

નવા નિયમનો સૌથી મોટો ફાયદો એવા લોકોને મળશે જે રોજ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી કરે છે. ખાસ કરીને એવા રૂટ જ્યાં લાંબા ફ્લાયઓવર, ટનલ અથવા એલિવેટેડ કોરિડોર છે, ત્યાં ટોલ ફી અગાઉ કરતાં ઓછી થઈ શકે છે. આનાથી પ્રાઈવેટ વાહનચાલકોની સાથે-સાથે ટ્રાન્સપોર્ટ કંપનીઓ અને લોજિસ્ટિક્સ સેક્ટરનો ખર્ચ ઘટવાની પણ સંભાવના છે.

આ નવો ફોર્મ્યુલા એવા રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સ પર લાગુ થશે જેમાં એક કે તેથી વધુ બ્રિજ, ટનલ, ફ્લાયઓવર અથવા એલિવેટેડ હાઈવે છે., નવો નિયમ બધા રાષ્ટ્રીય રાજમાર્ગો પર ટોલ ઓછો નહીં કરે. આ માત્ર એવા હાઈવે પર જ મળશે જ્યાં બ્રિજ, ટનલ, ફ્લાયઓવર કે એલિવેટેડ સેક્શનને કારણે ટોલની ગણતરી નવા ફોર્મ્યુલાના વ્યાપમાં આવે છે.

# પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલામાં ૧૫ સુરક્ષાકર્મીઓ માર્યા ગયા

## સુરક્ષાદળોની વળતી કાર્યવાહીમાં ૧૨ ઉગ્રવાદીઓના મોત

ખૈબર પખ્તુનખ્વા,

ખૈબર પખ્તુનખ્વા પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બન્નુ જિલ્લામાં એક આત્મઘાતી હુમલામાં ૧૫ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા છે. આ અંગે સેનાએ જણાવ્યું કે શુક્રવારે સાંજે એક આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકોથી ભરેલું વાહન ચોકી સાથે અથડાવી દીધું હતું. જેના કારણે તેમાં વિસ્ફોટ થયો હતો. આ ૧૫ મૃત્યુ પામેલાઓમાં ૧૨ સૈનિકો, બે પોલીસ અધિકારીઓ અને વન વિભાગના એક ભૂતપૂર્વ સરકારી અધિકારીનો સમાવેશ થાય છે.આ અંગે સેનાએ જણાવ્યું હતું કે, આ હુમલો ટાંક જિલ્લામાં થયો હતો. જ્યાં ઉગ્રવાદીઓએ વિસ્ફોટકોથી ભરેલું વાહન સુરક્ષા ચેકપોસ્ટની બહારની દિવાલ સાથે અથડાવ્યું હતું, જેના કારણે મોટો વિસ્ફોટ થયો હતો અને સ્થળને વ્યાપક નુકસાન થયું હતું. સેનાએ જણાવ્યું હતું કે હુમલા દરમિયાન સુરક્ષા દળોએ વળતો જવાબ આપ્યો હતો અને ૧૨ ઉગ્રવાદીઓને ઠાર માર્યા હતા.

આ હુમલાની જવાબદારી તાત્કાલિક કોઈ જૂથે સ્વીકારી નથી. પરંતુ આ પ્રદેશ ઈસ્લામિક ઉગ્રવાદી જૂથ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન દ્વારા હિંસક અભિયાનનો ભોગ બન્યો છે.

આ વિસ્તારમાં ઉગ્રવાદી હિંસામાં તીવ્ર વધારો થયો છે.હાલના વર્ષોમાં આ સંગઠને ખૈબર પખ્તુનખ્વામાં તેના હુમલાઓ વધુ તીવ્ર બનાવ્યા છે.



# ડીપફેક વિડિઓ ક્લિપ મામલે કેન્દ્રીય મંત્રી ગોયલે નોંધાવી પોલીસ ફરિયાદ

નવીદિલ્હી,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહેલા એક વીડિયો પર પ્રતિક્રિયા આપી છે. તેમણે તેને ડીપફેક ગણાવ્યો છે અને પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ પછી, દિલ્હી પોલીસે FIR દાખલ કરી છે.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે શનિવારે સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું, "સંસદની બહાર મીડિયા સાથેની મારી વાતચીતનો એક વીડિયો છૈં નો ઉપયોગ કરીને ડીપફેક વીડિયો બનાવવા માટે દુર્ભાવનાપૂર્ણ રીતે હેરફેર કરવામાં આવ્યો છે અને ખોટી માહિતી ફેલાવવાના ઈરાદાથી સોશિયલ મીડિયા પર પ્રસારિત કરવામાં આવી રહ્યો છે."

પીયૂષ ગોયલે 'X' પોસ્ટમાં માહિતી આપી હતી કે તેમણે આ સંદર્ભમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. શનિવારે સવારે ૪:૩૫ વાગ્યે ચાણક્યપુરી પોલીસ સ્ટેશનમાં ૹૈંઇ નોંધવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ નકલી વીડિયો બનાવનાર, પ્રસારિત કરનાર અથવા જાણી જોઈને પ્રમોટ કરનાર કોઈપણ વ્યક્તિ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.કેન્દ્રીય મંત્રીએ પોસ્ટમાં લખ્યું હતું કે, "જનતાને ગેરમાર્ગે દોરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં) નો આ પ્રકારનો બેજવાબદાર અને દુર્ભાવનાપૂર્ણ દુરુપયોગ કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં."તેમણે જનતાને કોઈપણ માહિતી માટે ફક્ત સત્તાવાર અને વિશ્વસનીય સ્ત્રોતો પર વિશ્વાસ કરવાની અપીલ કરી હતી.

# ગુજરાતમાં વરસાદે આઠ લોકોનો ભોગ લીધો

## પૂરની સ્થિતિમાં ડૂબી જવાની અને અકસ્માતની ઘટનામાં સુરતમાં ૨,નવસારીમાં ૪,અમરેલી અને ઈડરમાં ડૂબી જવાથી બાળકી સહિત ચારના મોત નીપજ્યા



અમદાવાદ,

સતત બીજા દિવસે ધોધમાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદે તારાજી સર્જી છે. લોકોના ઘરોમાં, રસ્તાઓ પર પાણી જ પાણી જોવા મળ્યા હતા. સમગ્ર રાજ્યમાં ૪૦,૫૦૦ લોકોનું સ્થળાંતર અને ૬,૩૬૭ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે, જ્યારે પૂરના પાણીમાં ડૂબી જવાથી સુરતમાં બે વ્યક્તિના મૃતદેહ મળ્યા હતા. નવસારીના ઊંડાચ ગામે કાવેરી નદીના પૂરના પાણી ઘૂસી જતાં ભારે વિનાશ સર્જાયો છે. નદીના તીવ્ર વહેણમાં કેટલાક લોકો તણાયા હતા, જે પૈકી દ્બઠ્ઠઈહ્લની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન ૪ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. આ ઉપરાંત અમરેલીના લાઠી તાલુકાના માલવીયા પીપળીયા ગામે અઢી વર્ષની બાળકી અને કૃષ્ણગઢ ગામ નજીક આવેલી નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો હતો.બીજી, તરફ ઈડર તાલુકાના ચિત્રોડી ગામે નદીના કોઝવે પરથી પસાર થતા બે યુવકો પાણીના પ્રવાહમાં બાઈક સાથે તણાયા હતા. સ્થાનિક ગ્રામજનો દ્વારા એકને બચાવી લેવાયો હતો, જ્યારે બીજા યુવક લાપતા થયો હતો. રાજકોટના ગોંડલ-જેતપુર નેશનલ હાઈવેથી સ્વામિનારાયણ ગુરુકુલ થઈને વિરપુર જતા રસ્તે ઘોડાપૂરમાં કાર તણાઈ હતી, પરંતુ હજુ સુધી કાર ચાલકનો કોઈ પત્તો લાગ્યો નથી. તંત્ર દ્વારા ચાલકની શોધખોળ કરવામાં આવી રહી છે.બોટાદના બરવાળા ખાતે ખાંભડા ડેમમાંથી પાણી છોડાતાં ઉતાવળી નદીમાં પૂર આવ્યું હતું. પૂરના કારણે નદી પરનો કોઝવે પાણી ગરકાવ થયો હતો, જે દરમિયાન ત્યાંથી પસાર થતી એક છકડો રિક્ષા પાણીના પ્રચંડ પ્રવાહમાં તણાઈ હતી. રિક્ષામાં સવાર એક વ્યક્તિનું મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ બરવાળા અને બોટાદ ફાયર બ્રિગેડની ટીમ તેમજ સ્થાનિક તરવૈયાઓ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને વ્યક્તિની શોધખોળ હાથ ધરી છે.નવસારી જિલ્લામાં પૂરની વિકટ પરિસ્થિતિ સામે પહોંચી વળવા NDRF અને SDRFની ૪ ટુકડીઓ ઉપરાંત વહીવટી તંત્ર દ્વારા સ્પેશિયલ મિલિટરી બટાલિયનને બોલાવવામાં આવી છે, જે અત્યાધુનિક ઈક્વિપમેન્ટ સાથે ધમડાછા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં રેસ્ક્યૂ કરી રહી છે.

# વૃદ્ધ દંપતી ડિજિટલ અરેસ્ટમાં ગઠિયાઓને સોનું અને રોકડ રકમ આપે તે પહેલા પોલીસે બચાવી લીધા

## સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી 'ડિજિટલ અરેસ્ટ' સાયબર ઠગાઈને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવી

સાબરકાંઠા,

સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી 'ડિજિટલ અરેસ્ટ' સાયબર ઠગાઈને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવી છે. મુંબઈ પોલીસના અધિકારીઓ તરીકે ઓળખ આપીને વૃદ્ધ દંપતીને ડિજિટલ અરેસ્ટ કર્યા હતા અને પૈસા પડાવવાનો ખેલ રચ્યો હતો. જોકે, પોલીસે આ ૭૫ વર્ષીય દંપતીને તૈઓ આ ઠગોને સોનુ કે પૈસા આપે તે પહેલા આ ફ્રોડમાંથી બચાવી લીધા હતા.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સાયબર ગુનેગારોએ વૃદ્ધ દંપતીને ખોટો ડર બતાવ્યો હતો કે, રસિકભાઈ મોદી (પતિ) ના આધાર કાર્ડ સાથે લિંક થયેલા સિમ કાર્ડનો ઉપયોગ "નરેશ ગોયલ" નામના વ્યક્તિ સાથે જોડાયેલા નાણાકીય કૌભાંડમાં થયો છે. પીડિતોને ડરાવવા માટે ઠગોએ સતત ત્રણ દિવસ સુધી વિડીયો કોલ દ્વારા તેમને કહેવાતા "ડિજિટલ અરેસ્ટ" હેઠળ રાખ્યા હતા અને કાનૂની કાર્યવાહીનો ભય બતાવ્યો હતો.ત્યારબાદ ઠગોએ કેસમાંથી નામ હટાવવા માટે પૈસાની માંગણી કરી હતી. તેઓએ કથિત રીતે પીડિતોને ૨૫ તોલા સોનું ઓગાળીને બિસ્કિટ બનાવવાની અને રૂપિયા ૨ લાખની ફિક્સ ડિપોઝિટ (હ્લડ્ઢ) તોડીને રકમ ભેગી કરવાની સૂચના આપી હતી.આ ઠગાઈનો પ્રયાસ ત્યારે નિષ્ફળ ગયો જ્યારે વૃદ્ધ દંપતી પૈસાની વ્યવસ્થા કરવા એક્સિસ બેંકની શાખામાં પહોંચ્યું. બેંકના એક જાગૃત કર્મચારીએ આ દંપતીને ગભરાયેલા જોયા અને શંકા ગઈ.

# અરવલ્લીમાં નીચાણવાળા વિસ્તારોમાં ઘરો અને દુકાનોમાં પાણી ભરાતા લોકો પરેશાન

અરવલ્લી,

છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લા મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી હતી જેમાં, સાઠંબા તાલુકામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પીપળી બજાર વિસ્તારમાં કરિયાણાની દુકાનોમાં વરસાદી પાણી ઘૂસતા વેપારીઓને નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ભર ચોમાસામાં ચાલી રહેલા રસ્તાના કામને કારણે પાણીના નિકાલમાં અવરોધ સર્જાતા સ્થિતિ વધુ વિકટ બની હતી. નગરમાં પ્રવેશવાના બંને માર્ગો પર કોન્ટ્રાક્ટરે રેતી અને કપચીના ઢગલા કરી દેતાં વાહનચાલકો અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદથી ભિલોડા નજીક ઈન્દ્રાશી નદીના કિનારે આવેલું આશરે ૧૨૦૦ વર્ષ પ્રાચીન સ્વયંભૂ જૂનું ભવનાથ મહાદેવ મંદિર વરસાદી માહોલમાં કુદરતી સૌંદર્ય વચ્ચે મનમોહક લાગી રહ્યું છે.

મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસતા મોટી ઈસરોલ ગામમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. મોડાસા-શામળાજી હાઈવે પરથી વહેતું પાણી ગામમાં ઘૂસતા રોડ સાઈડ પર આવેલા અનેક મકાનોમાં પાણી ભરાયા હતા.

# વલસાડમાં પૂરની સ્થિતિ બાદ જનજીવન ઝડપથી સામાન્ય બનાવવા નાયબ મુખ્યમંત્રીએ બેઠક યોજી

## બચાવ કામગીરી બાદ સ્વચ્છતા, આરોગ્ય અને મૂળભૂત સેવાઓને પુનઃસ્થાપિત કરવા હર્ષ સંઘવીનો તંત્રને આદેશ

વલસાડ,

વલસાડ જિલ્લામાં પૂરની વિકટ પરિસ્થિતિ બાદ હવે જનજીવન ઝડપથી સામાન્ય બને તે માટે રાજ્ય સરકારે કામગીરી તેજ કરી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. બેઠકમાં સ્વચ્છતા અભિયાન, રસ્તાઓનું સમારકામ, વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવો, કેશ ડોલ અને રાશન કિટનું વિતરણ તેમજ નુકસાનના વીમા ક્લેઈમ ઝડપથી મંજૂર કરવા સહિતના મુદ્દાઓ પર જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

પૂરનું પાણી ઓસર્યા બાદ વલસાડ જિલ્લામાં પુનઃસ્થાપન કામગીરીને વેગ આપવા માટે



સંઘવીએ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે જણાવ્યું કે હવે બચાવ કામગીરી બાદ સૌથી મોટું ધ્યાન સ્વચ્છતા, આરોગ્ય અને મૂળભૂત સેવાઓને પુનઃસ્થાપિત કરવા પર આપવું જરૂરી છે. તેમણે જે વિસ્તારોમાં પાણી ઓસરી ગયું છે ત્યાં તાત્કાલિક સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્ત પરિવારોને કેશ ડોલ અને રાશન કિટ વહેલી તકે પહોંચાડવા તંત્રને સૂચના આપી હતી.

નાયબ મુખ્યમંત્રીએ પાલિકા વિસ્તારોમાં વધારાના સફાઈ કર્મચારીઓની તાત્કાલિક ફાળવણી કરવાનો આદેશ આપ્યો હતો. ગંદકી, કાદવ અને સડેલા અનાજના નિકાલ માટે દરેક અસરગ્રસ્ત વિસ્તારમાં ટીમો બનાવી જેસીબી અને ટ્રકોની મદદથી યુદ્ધના ધોરણે સફાઈ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. ગામડાઓમાં પાણી ઉતરતાં વીજ પુરવઠો

# ગાંધીનગર જિલ્લામાં આવેલ ભયજનક જળાશયોમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ

## જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલે દ્વારા જાહેરનામું બહાર પડાયું

ગાંધીનગર,

તાજેતરમાં રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આવેલા જળાશયો જેવા કે નદી, તળાવ, નહેર અને દરિયામાં નહાવા પડેલા નાગરિકોના ડૂબી જવાથી અકાળે અવસાન થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે, જે અત્યંત ગંભીર બાબત હોય આવા અકસ્માતો અટકાવવા તથા જનસુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી ગાંધીનગર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી રવિન્દ્ર ખતાલે દ્વારા એક અગત્યનું પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અન્વયે ગાંધીનગર જિલ્લાની હકુમત હેઠળના તમામ નિર્ધારિત ભયજનક અને જોખમી જળાશયો કે જળસંચયોમાં કોઈપણ વ્યક્તિઓ કે પ્રવાસીઓના પ્રવેશ કરવા પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમ તારીખ ૨૪/૦૭/૨૦૨૬ થી તારીખ ૨૧/૦૯/૨૦૨૫૬ સુધી (બંને દિવસો સહિત) સમગ્ર ગાંધીનગર જિલ્લામાં અમલમાં રહેશે, જેમાં સરકારી ફરજ પર રોકાયેલા અધિકારીઓ તથા કર્મચારીઓને બકાત રાખવામાં આવ્યા છે.

# શેરબજારમાં રોકાણના નામે સાયબર ફ્રોડ કરતી સેધાજી ગેંગના ૭ આરોપીઓ સામે ગુજસીટોક દાખલ

## કરોડો રૂપિયાની છેતરપિંડી કરતી ગેંગની કરોડોની મિલકતો જપ્ત કરાશે

ગાંધીનગર,

ગાંધીનગર અને મહેસાણા જિલ્લા સહિત સમગ્ર રાજયમાં શેરબજારમાં રોકાણના નામે બનાવટી એજન્ટ બની ભોળા નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરતી કુખ્યાત સેધાજી ગેંગ સામે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે.

રાજયમાં પ્રથમ વખત શેરબજાર અને સાયબર ફ્રોડ આચરતી સંગઠિત ગુનાહિત ગેંગ સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરિઝમ અને ઓર્ગેનાઇઝ્ડ ક્રાઈમ (ગુજસીટોક) એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવતાં ગુનેગારોમાં ભારે ફફડાટ જોવા મળ્યો છે.

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નોંધાયેલા ૧૦ જેટલા ગંભીર ગુનાઓની તપાસ દરમિયાન પોલીસને ભાડેથી લીધેલા ૯૨થી વધુ બેંક ખાતાઓ મળી આવ્યા હતા. નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પરથી મળેલી માહિતી અનુસાર આ ખાતાઓ સામે સમગ્ર ભારતમાંથી ૧૪૭ જેટલી ફરિયાદો નોંધાઈ હતી. આ ખાતાઓમાં આશરે ૨૫૯ કરોડ રૂપિયાના ક્રેડિટ-ડેબિટ વ્યવહારો થયા હોવાનું સામે આવ્યું છે. આ મામલે આવકવેરા વિભાગ, જીએસટી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને પણ વધુ તપાસ માટે અહેવાલ સોંપવામાં આવ્યો છે.

એસઆઈટીની તપાસમાં જાણવા મળ્યું કે, આ ગેંગના મુખ્ય સૂત્રધાર સેધાજી ઉર્ફે પ્રકાશ જેસંગજી ઠાકોર અને તેના સાગરિતોએ સંગઠિત રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જ તેમજ બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ કંપનીઓના શેરમાં રોકાણ કરાવવાના નામે લોકોને છેતર્યા હતા. તેઓએ સેબીનું કોઈ લાઈસન્સ ન હોવા છતાં માર્કેટ પ્લસ નામની એપ્લિકેશનનો ઉપયોગ કરીને ઊંચા વળતરની લાલચ બતાવી, લોકો પાસેથી ઓનલાઈન પૈસા મેળવ્યા હતા.

સેધાજી ઉર્ફે પ્રકાશ ઠાકોર અને તેના સાગરિતો સામે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુજકોટોક એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મુખ્ય આરોપી સેધાજી ઠાકોરને પકડવા પોલીસની ટીમો તલાશમાં છે, જયારે અન્ય ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# અમદાવાદમાં રિપેર કરાયેલા ૯૦ ટકા વોટરલોગિંગ પોઈન્ટ પર ફરી પાણી ભરાયું

## એએમસીએ વર્ષ ૨૦૨૫ના ચોમાસા દરમિયાન ૧૪૭ વોટરલોગિંગ સાઈટ્સ ઓળખી હતી

અમદાવાદ,

ચોમાસા પહેલાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)એ શહેરનાં ૧૪૭ પાણી ભરાવાનાં સ્થળોમાંથી ૩૯ સ્થળો રિપેર કર્યાનો દાવો કર્યો હતો, પરંતુ ગઈ કાલે પડેલા ભારે વરસાદ બાદ આમાંથી આશરે ૯૦ ટકા સ્થળો ફરી પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં.

શહેરમાં ૧૦ કલાકમાં લગભગ ચાર ઈંચ જેટલા વરસાદના કારણે બોડકદેવ, થલતેજ સહિતના વિસ્તારોમાં ફરી પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. એએમસીએ જે સ્થળોએ સમસ્યા દૂર કર્યાનું જણાવ્યું હતું, ત્યાં પણ લોકોને પાણીમાંથી પસાર થવાની ફરજ પડી હતી.

એએમસીએ વર્ષ ૨૦૨૫ના ચોમાસા દરમિયાન ૧૪૭ વોટરલોગિંગ સાઈટ્સ ઓળખી હતી. આ વર્ષે વરસાદ પહેલાં તેમાંથી ૩૯ સ્થળો રિપેર કર્યાનો દાવો કરવામાં આવ્યો હતો, જેમાં પશ્ચિમ અમદાવાદનાં ૩૪ સ્થળોએ નવી સ્ટ્રોમ વોટર પાઈપલાઈન, કેચપીટ અને ક્લીનિંગના કામનો સમાવેશ થતો હતો.

વરસાદ બાદ સૌથી વધુ અસર બોડકદેવ વિસ્તારમાં જોવા મળી હતી. અહીં ૧૧ સ્થળોએ ફરી પાણી ભરાયું હતું. ત્યાર બાદ થલતેજમાં નવ અને ચાંદલોડિયામાં ચાર સ્થળોએ પાણી ભરાવાની ફરિયાદો મળી હતી. બોડકદેવ, થલતેજ અને અન્ય વિસ્તારોમાં લેડી લેક, ન્યૂયોર્ક ટાવર, કેસર ટી સ્ટોલ, કલશ વિહાર-ઘુમા લેક રોડ, શેનબાઈનગર, એસજી હાઈવે નજીકનો વિસ્તાર, હેલ્મેટ સર્કલ, સરકારી ક્વાર્ટર્સ, અતિથિ હોટલ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયું હતું.

# નવસારીમાં જળપ્રલય: શહેરનો ૩૦ ટકા વિસ્તાર જળબંબાકાર : સેના મદદ માટે ઉતરી

## હજારો પરિવારો પોતાના ઘરોમાં ફસાઈ જતા જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત

નવસારી,

દક્ષિણ ગુજરાતમાં અવિરત વરસાદ અને પૂર્ણા, અંબિકા તેમજ કાવેરી નદીઓમાં આવેલા પ્રચંડ પૂરના કારણે નવસારી જિલ્લો અભૂતપૂર્વ જળપ્રલયનો સામનો કરી રહ્યો છે. નવસારી શહેરનો અંદાજે ૩૦ ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો છે, જ્યારે હજારો પરિવારો પોતાના ઘરોમાં ફસાઈ જતા જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયું છે.

શહેરના શાંતાદેવી રોડ વિસ્તારમાં આશરે ૨૦ હજારથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. અનેક રહેણાંક ઈમારતોના ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૦થી ૧૨ ફૂટ જેટલું પાણી ભરાઈ જતાં લોકો ઘરોમાં જ કેદ બની ગયા છે. નવસારી મહાનગરપાલિકાના ફાયર વિભાગ અને સ્થાનિક કોર્પોરેટરો દ્વારા દૂધ, પીવાનું પાણી અને અન્ય જીવનજરૂરી વસ્તુઓ પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકોની માંગ મુજબ દૂધની કોથળીઓ અને પાણીની બોટલો પહોંચાડવામાં આવી રહી છે, જોકે અનેક વિસ્તારોમાં પહોંચવું હજુ પણ પડકારજનક બન્યું છે.

પૂરની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્રે એનડીઆરએફ અને એસડીઆરએફની ચાર ટુકડીઓ ઉપરાંત વિશેષ મિલેટરી બટાલિયનને પણ મેદાને ઉતારી છે. આધુનિક રેસ્ક્યુ સાધનો અને મેડિકલ સપોર્ટ સાથે સૈનિકો ગ્રામ્ય વિસ્તારોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડી રહ્યા છે. ગણદેવી તાલુકાના ધમડાછા ગામ સહિત અનેક વિસ્તારોમાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે.

બીજી તરફ ગણદેવી તાલુકાના ૨૫થી વધુ ગામોમાં અંબિકા અને કાવેરી નદીએ ભારે વિનાશ વેર્યો છે. કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનું પ્રાથમિક અંદાજ છે. હજારો વાહનો પાણીમાં ફસાયા છે, જ્યારે અનેક વાહનો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. વિનાશના ભયાનક દ્રશ્યો જોઈ રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલા જવાનો પણ ભાવુક બની ગયા હતા.

નવસારીમાં સુરક્ષિત સ્થળે ખસેડાયેલા લોકો પણ ફરીથી પૂરની ઝપેટમાં આવી ગયા છે. ટાટા હાઈસ્કૂલમાં આશરો લેનારા સ્થળાંતરિતો ચારેય તરફ પાણી ભરાઈ જતાં ફરી મુશ્કેલીમાં મુકાયા છે. જિલ્લામાં ૨૫૦થી વધુ રસ્તાઓ પાણી ફરી વળતા બંધ થઈ ગયા છે, જેમાં ત્રણ સ્ટેટ હાઈવેનો પણ સમાવેશ થાય છે. નવસારી—સુરત સ્ટેટ હાઈવે પાણીમાં ગરકાવ થતાં હજારો મુસાફરો અટવાઈ ગયા છે.

# વલસાડમાં પૂર વચ્ચે મેગા રેસ્ક્યુ ઓપરેશનઃ હેલિકોપ્ટરથી યુવકનો બચાવ : ૧૨૭૫૪ લોકોનું સ્થળાંતર કરાયું

## જીવ બચાવવા વીજ પોલ પર ચઢી ગયેલા યુવકને હેલિકોપ્ટર મારફતે સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો

વલસાડ,

વલસાડ જિલ્લામાં પૂરની ગંભીર સ્થિતિ વચ્ચે દમણ કોસ્ટ ગાર્ડના હેલિકોપ્ટરની મદદથી પ્રથમ એર રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું છે. વાપીના સલવાવ વિસ્તારમાં હ્યુન્ડાઈ શોરૂમ નજીક વીજ પોલ પર જીવ બચાવવા ચઢી ગયેલા યુવકને હેલિકોપ્ટર મારફતે સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો. યુવક ગત દિવસથી તંત્રની મદદની રાહ જોઈ રહ્યો હતો.

જિલ્લાના અનેક વિસ્તારોમાં પૂરના પાણીનો પ્રવાહ એટલો વધુ છે કે ત્યાં દ્બઠ્ઠઈહ્લની બોટ પણ પહોંચી શકતી નથી. આવી સ્થિતિમાં જિલ્લા વહીવટી તંત્રએ દમણ કોસ્ટ ગાર્ડના હેલિકોપ્ટરની મદદ લીધી છે. હવે હેલિકોપ્ટર મારફતે દુર્ગમ વિસ્તારોમાં ફસાયેલા લોકોને ઝડપી રીતે સુરક્ષિત



સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લામાં રાહત અને બચાવ કામગીરી સતત ચાલી રહી છે. નીચાણવાળા વિસ્તારોમાંથી કુલ ૧૨,૭૫૪ લોકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતરિત કરવામાં આવ્યા છે, જ્યારે એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોએ ૩૫૨ લોકોને પૂરના પાણીમાંથી સફળતાપૂર્વક રેસ્ક્યુ કરીને સલામત સ્થળે પહોંચાડ્યા છે.

સતત ભારે વરસાદને કારણે વલસાડની ઔરંગા નદી અને ધરમપુરની સ્વર્ગવાહિની નદી ઓવરફ્લો થઈ છે. ઉપરાંત વલસાડ શહેરનું હાલર તળાવ પણ છલકાતા આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તંત્ર દ્વારા પાણીના નિકાલ માટે તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. મુશળધાર વરસાદ અને તેજ પવનના કારણે જિલ્લામાં અનેક સ્થળોએ નુકસાન નોંધાયું છે. કુલ ૧૮ પશુઓના મોત થયા છે, જ્યારે ૨૭ કાચા મકાન, ૧૧ પાકા મકાન અને એક કેટલ શેડને નુકસાન પહોંચ્યું છે.

# ૧૦ શંકાસ્પદ આતંકવાદીઓના રિમાન્ડ પૂર્ણ : તમામ ૧૩ આરોપીઓને અમદાવાદ સાબરમતી મધ્યસ્થ જેલ મોકલાયા

## ખાસ ઓપરેશન દરમિયાન કડી અને મહેસાણા પંથકમાંથી શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરવામાં આવી હતી

મહેસાણા,

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્કવૉડ (એટીએસ)) દ્વારા પકડવામાં આવેલા શંકાસ્પદ આતંકવાદીઓના કેસમાં એક મહત્વપૂર્ણ અને મોટી કાનૂની કાર્યવાહી સામે આવી છે. એટીએસ દ્વારા પકડાયેલા ૧૦ શંકાસ્પદ આરોપીઓના પોલીસ રિમાન્ડ સમયગાળો પૂર્ણ થતાં આજે તેમને કડીની નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે તમામ આરોપીઓને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ (સેન્ટ્રલ જેલ) ખાતે મોકલી આપવાનો હુકમ કર્યો છે. આ સાથે જ આ કડી-મહેસાણા કેસ સંબંધિત અગાઉ અને બાદમાં પકડાયેલા કુલ ૧૩ શંકાસ્પદ આરોપીઓને હવે સાબરમતી મધ્યસ્થ જેલમાં જજ્યુડિશિયલ કસ્ટડી હેઠળ રાખવામાં આવશે.

ગુજરાત એટીએસ દ્વારા રાજ્યમાં દેશવિરોધી પ્રવૃત્તિઓ અને શંકાસ્પદ આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરવાના ભાગરૂપે હાથ ધરવામાં આવેલા ખાસ ઓપરેશન દરમિયાન કડી અને મહેસાણા પંથકમાંથી શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસ અને તપાસ એજન્સીઓ દ્વારા તબક્કાવાર આરોપીઓની ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજૂ કરી ઊંડાણપૂર્વકની પૂછપરછ માટે રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

પ્રાથમિક તબક્કે આ કેસમાં પકડાયેલા ૮ શખ્સોમાંથી ૫ આરોપીઓને વધુ પૂછપરછ માટે પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યા હતા, જ્યારે ૩ આરોપીઓની પ્રાથમિક પૂછપરછ પૂર્ણ થતાં તેમને મહેસાણા સબજેલ ખાતે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ તપાસનો દોર વધુ આગળ ધપતાં અન્ય ૫ શંકાસ્પદ આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી હતી અને તેમને પણ કોર્ટ સમક્ષ રજૂ કરી રિમાન્ડ પર લેવાયા હતા.

આમ, બે અલગ-અલગ તબક્કામાં રિમાન્ડ પર લેવાયેલા કુલ ૧૦ આરોપીઓની રિમાન્ડ મુદત આજે પૂર્ણ થતી હતી. રિમાન્ડ સમયગાળો પૂર્ણ થતાં જ તપાસ અધિકારીઓ દ્વારા આજે તમામ ૧૦ શંકાસ્પદ આરોપીઓને કડી કોર્ટમાં સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે રજૂ કરવામાં આવ્યા હતા.

# યાત્રીગણ ધ્યાન દે : કેટલીક ટ્રેનો ભાવનગર ટર્મિનસના બદલે 'પરા' સ્ટેશનેથી દોડશે

## ૨૭ જુલાઈથી આગામી આદેશ સુધી અસ્થાયી ફેરફાર લાગુઃ પશ્ચિમ રેલવે દ્વારા ૧૦ ટ્રેનોનું સમયપત્રક અને સંચાલન સ્ટેશન બદલાયું

ભાવનગર,તા.૨૫

ભાવનગર સ્ટેશન યાર્ડ ખાતે હાથ ધરવામાં આવનાર રીમોડેલિંગના કામકાજને કારણે પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો માટે અગત્યની સૂચના જાહેર કરવામાં આવી છે. ભાવનગર ટર્મિનસથી શરૂ થતી અને ત્યાં જ સમાપ્ત થતી કેટલીક પ્લેટફોર્મ રિર્ટનિંગ ટ્રેનોના પ્રારંભિક અને અંતિમ સ્ટેશનને અસ્થાયી રૂપે 'ભાવનગર પરા' ખાતે સ્થાનાંતરિત કરવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યા અનુસાર, આ નવી વ્યવસ્થા ૨૭ જુલાઈ, ૨૦૨૬થી અમલમાં આવશે અને આગામી આદેશ સુધી યથાવત રહેશે.

આ નિર્ણય મુજબ નિર્ધારિત સમયપત્રક અનુસાર ભાવનગર પરા સ્ટેશને આવનારી ટ્રેનોમાં બોટાદ–ભાવનગર પરા (ટ્રેન નં. ૫૯૨૨૯) સવારે ૦૯:૦૦ વાગ્યે, પાલીતાણા–ભાવનગર પરા (ટ્રેન નં. ૫૯૨૬૭) સવારે ૦૯:૩૫ વાગ્યે, પોરબંદર–ભાવનગર પરા (ટ્રેન નં. ૫૯૫૫૭) બપોરે ૦૨:૩૦ વાગ્યે, બોટાદ–ભાવનગર પરા (ટ્રેન નં. ૫૯૨૭૧) સાંજે ૦૫:૩૦ વાગ્યે તેમજ મહુવા–ભાવનગર પરા (ટ્રેન નં. ૧૯૨૦૬) રાત્રે ૦૮:૦૦ વાગ્યે આવી પહોંચશે.

સાથે જ ભાવનગર પરા સ્ટેશનથી ઊપડનારી ટ્રેનોમાં ભાવનગર પરા–પાલીતાણા (ટ્રેન નં. ૫૯૨૬૮) સવારે ૦૬:૪૦ વાગ્યે, ભાવનગર પરા–મહુવા (ટ્રેન નં. ૧૯૨૦૫) સવારે ૦૯:૪૦ વાગ્યે, ભાવનગર પરા–બોટાદ (ટ્રેન નં. ૫૯૨૦૪) સવારે ૧૧:૧૦ વાગ્યે, ભાવનગર પરા–પોરબંદર (ટ્રેન નં. ૫૯૫૬૦) બપોરે ૦૩:૨૦ વાગ્યે અને ભાવનગર પરા–બોટાદ (ટ્રેન નં. ૫૯૨૩૦) સાંજે ૦૭:૨૫ વાગ્યે રવાના થશે.

# ભાવનગરના ઢસા અને ધોળા સ્ટેશનેથી સોમનાથ તથા અમદાવાદ માટે મળશે વંદે ભારત એક્સપ્રેસ



## ૧૭ ઓગસ્ટથી સાબરમતી–વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ બદલાયેલા રૂટ પર દોડશે : ઢસા, ધોળા અને બોટાદ સહિતના સ્ટેશનોને મળશે સેમી-હાઈસ્પીડ ટ્રેનનો લાભ

ભાવનગર,તા.૨૫

સૌરાષ્ટ્ર વિસ્તારના મુસાફરોની સુવિધા અને પ્રાદેશિક રેલ જોડાણને વધુ મજબૂત કરવાના હેતુથી ભારતીય રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બોર્ડના નિર્દેશ અનુસાર ટ્રેન નંબર ૨૬૯૦૧/૨૬૯૦૨ સાબરમતી–વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ આગામી ૧૭ ઓગસ્ટથી બદલાયેલા માર્ગ પરથી દોડશે, જેના કારણે ભાવનગર મંડળ હેઠળ આવતા વિવિધ વિસ્તારોના મુસાફરોને પ્રથમ વખત આ વિશ્વસ્તરીય રેલ સેવાનો સીધો લાભ મળશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે હાલમાં આ ટ્રેન રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને વિરમગામ થઈને દોડે છે. પરંતુ નવા માર્ગ મુજબ હવે વંદે ભારત એક્સપ્રેસ બંને દિશામાં જૂનાગઢ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા અને ગાંધીગ્રામ સ્ટેશનો પર રોકાશે. આ ફેરફારથી સોમનાથ, ગીર વિસ્તાર તેમજ સૌરાષ્ટ્રના અન્ય ધાર્મિક અને પર્યટન સ્થળોની મુલાકાતે આવતા પ્રવાસીઓ ઉપરાંત સ્થાનિક વેપારીઓ અને વિદ્યાર્થીઓ માટે અમદાવાદ સાથેનું જોડાણ વધુ ઝડપી, સુલભ અને આરામદાયક બનશે.

માર્ગ પરિવર્તનની સાથે ટ્રેનના સમયપત્રકમાં પણ ફેરફાર કરાયો છે. હવે આ ટ્રેન વેરાવળથી બપોરે ૨:૪૫ ના બદલે ૩:૫૦ વાગ્યે ઊપડીને રાત્રે ૧૦:૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે. જ્યારે પરત ફરતી વખતે સાબરમતીથી સવારે ૫:૨૫ ના બદલે ૬:૦૦ વાગ્યે રવાના થઈ બપોરે ૧૨:૫૦ વાગ્યે વેરાવળ પહોંચશે. ભાવનગર મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ મુસાફરોને નવી સમયસૂચિ ચકાસીને જ મુસાફરીનું આયોજન કરવા અપીલ કરી છે.

### ભાવનગર અને બોટાદ સહીત ચાર જિલ્લાની પ્રવાસી જનતાને મળશે લાભ

વંદે ભારત એક્સપ્રેસ વેરાવળથી સાબરમતી અને સાબરમતીથી વેરાવળ બંને દિશામાં જૂનાગઢ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા અને ગાંધીગ્રામ સ્ટેશનો પર રોકાશે. આથી આ વિસ્તારોના મુસાફરોને પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસ જેવી વિશ્વસ્તરીય રેલ સેવાનો સીધો લાભ મળશે.

# સારવાર માટે ગયેલી પરિણીતા સાથે તબીબે શારીરિક અડપલાં કર્યાનો આક્ષેપ

## જાગૃત મહિલાએ સ્પ્રેની બોટલ ફેંકી પ્રતિકાર કર્યોઃ ડોક્ટર સામે સિહોર પોલીસ મથકે ફરિયાદ

ભાવનગર,તા.૨૫

સિહોર પંથકના દેવગાણા ગામ ખાતે આવેલા એક ક્લિનિકમાં સારવાર અર્થે ગયેલી પરિણીતા સાથે સ્થાનિક ડોક્ટરે શારીરિક અડપલાં કર્યાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે.

સાંધાના દુખાવાથી પીડાતી મહિલા તેના પતિ સાથે ક્લિનિકે ગઈ હતી. તપાસ દરમિયાન ડોક્ટરે પડદો આડો કરી, દુખાવાના બહાને પીઠ અને હાથ પર સ્પ્રે-માલિશ કરતા કરતા અવાંછિત વર્તન શરૂ કર્યું હતું. ડોક્ટરની બદદાનત સમજી જતાં જ મહિલાએ સાહસ બતાવી ક્લિનિકમાં પડેલી સ્પ્રેની બોટલ ડોક્ટર પર ફેંકીને તેનો સખત પ્રતિકાર કર્યો હતો અને તુરંત બહાર નીકળી ગઈ હતી.

મહિલાએ બહાર આવી પતિ અને સંબંધીઓને આપવીતી જણાવ્યા બાદ સિહોર પોલીસ મથકમાં તબીબ વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# પાલીવાલ સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું શિલ્ડ અને ભગવદ્ ગીતા આપી કાલે કરાશે સન્માન

## દશા પાલીવાલ બ્રહ્મ સમાજ દ્વારા સીતારામબાપુના સાનિધ્યમાં યોજાશે ૩૯મો સન્માન સમારોહ

ભાવનગર,તા.૨૫

દશા પાલીવાલ બ્રહ્મ સમાજ તથા તેજસ્વી તારલા સન્માન સમારોહ સમિતિ દ્વારા સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ૩૯મા તેજસ્વી તારલા સન્માન સમારોહ-૨૦૨૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૬-ને રવિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે શ્રી અટલ બિહારી બાજપઈ હોલ (મોતીબાગ ટાઉન હોલ), ભાવનગર ખાતે યોજાશે.

આ વર્ષે ઓનલાઈન નોંધણીમાં અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે, જેમાં વિવિધ ૪૦થી વધુ અભ્યાસક્રમોમાંથી કુલ ૮૮૪ વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર



કરવામાં આવી છે. જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૫૬૨ વિદ્યાર્થીઓ , મેડિકલ અને પેરા-મેડિકલ ક્ષેત્રના ૧૧૬ વિદ્યાર્થીઓ, આર્ટ્સ/સાયન્સ/કૃષિમાં ૬૯, કોમર્સમાં ૪૨, શિક્ષણ ક્ષેત્રે ૩૭, ટેક્નિકલમાં ૨૩ તેમજ વ્યાવસાયિક કોર્સના ૩૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. દરેક સન્માનિત વિદ્યાર્થીને સ્મૃતિચિહ્ન (શિલ્ડ), ઈનામી ફાઈલ, વિશેષ સ્મારિકા (મેગેઝિન) તેમજ પવિત્ર શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રી હનુમાન ચાલીસાની ભેટ આપવામાં આવશે. આ સમારોહ પરમ પૂ. સંત સીતારામ બાપુના અધ્યક્ષસ્થાને યોજાશે, જેમાં વિવિધ સંતો-મહંતો, સમાજના અગ્રણીઓ અને દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સર્વે માટે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી છે.

# મહુવાના બોરડી ગામમાં સિંહે વાછરડીનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ

## સાંજ પડતાં જ પશુપાલકો અને ખેડૂતો ચિંતાતુરઃ વન વિભાગ તાત્કાલિક રાત્રિ પેટ્રોલિંગ વધારે તેવી સ્થાનિકોની માંગ

ભાવનગર,તા.૨૫

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બોરડી ગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વનરાજની અવરજવર સામાન્ય બની ગઈ છે. તાજેતરમાં ફરી એક વખત ગામમાં ઘૂસી આવેલા એક સિંહે વાછરડીનું મારણ કરતાં સમગ્ર પંથકમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

બનાવની વિગત મુજબ, બોરડી ગામના સીમ વિસ્તારમાં સિંહે વાછરડીનો શિકાર કર્યો હોવાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સિંહની આ પ્રકારે રહેણાંક અને સીમ વિસ્તારમાં સતત હાજરીને કારણે ખેડૂતો તેમજ પશુપાલકોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ખાસ કરીને સાંજ અને રાત્રિના સમયે માલઢોરની સુરક્ષા તેમજ ખેતરોમાં પાણી વાળવા જતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટી જાય છે. વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ વન વિભાગ પાસે માંગણી કરી છે કે આ વિસ્તારમાં સિંહની હિલચાલ પર સતત નજર રાખવામાં આવે, રાત્રિ દરમિયાન નિયમિત પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે અને ગ્રામજનો સહિત તેમના પશુઓની સુરક્ષા માટે ત્વરિત પગલાં ભરવામાં આવે.

# સિહોરના ધ્રુપકા ગામમાં સિંહ અને દીપડાનો આતંકઃ ૧૫ દિવસથી લોકો ભયભીત, વન વિભાગ મૂકપ્રેક્ષક!

## એક જ સપ્તાહમાં સિંહે ૪ ગાયોનું મારણ કર્યુંઃ ખેતીની સિઝનમાં જ વાડીએ જતા ડરી રહ્યા છે ધરતીપુત્રો

સિહોર,તા.૨૫

સિહોર તાલુકાના ધ્રુપકા અને આસપાસના ગામોને સિંહ તથા દીપડા જેવા હિંસક પ્રાણીઓએ બાનમાં લીધા છે. છેલ્લા ૧૫ દિવસથી સિહોર અને ધ્રુપકા વચ્ચેના જંગલ વિસ્તારમાં ધામા નાખનાર આ વન્યજીવોના સતત આંટાફેરાથી લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ધ્રુપકા ગામની આસપાસ છેલ્લા એક જ સપ્તાહમાં સિંહે ચોથું મારણ કર્યું છે. મંગળવારે સવારે પ્રાથમિક શાળાથી માત્ર ૫૦૦ મીટર દૂર દાનાભાઈ મેરની ગાયનો શિકાર કર્યો હતો. ત્યારબાદ શુક્રવારે પણ સિંહે મનસુખભાઈ મકવાણાની ગાય પર તરાપ મારીને મોતને ઘાટ ઉતારી હતી. આ ઘટના બાદ તરત જ શુક્રવારે બપોરે મુકેશભાઈ વાઘેલાના મકાઈના ખેતરમાં દીપડો પણ આંટા મારતો જોવા મળતા લોકોના જીવ તાળવે ચોંટ્યા છે.

હાલ ચોમાસાની ખેતીની ભરપૂર સિઝન ચાલી રહી છે, ત્યારે સિંહ પરિવારના સતત આંટાફેરાથી ધરતીપુત્રો વાડીએ જતા કે પશુપાલકો ઢોર ચરાવવા જતા ડરી રહ્યા છે. સિહોર પંથકના ધ્રુપકા, રાજપરા (ખો), જૂના જાળિયા, ભડલી, રબારિકા સહિતના ગામોમાં ૬ જેટલા સિંહો વસવાટ કરી રહ્યા છે. જંગલી પ્રાણીઓ નીલગાય કે હરણને બદલે સરળ શિકાર તરીકે ગાય-વાછરડાને નિશાન બનાવી રહ્યા છે.

જીવના જોખમ વચ્ચે પણ જવાબદાર તંત્ર માત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું હોવાથી ગ્રામજનોમાં ભારે કચવાટ અને રોષ જોવા મળી રહ્યો છે. વન વિભાગ અને સરકાર વહેલામાં વહેલી તકે વન્યજીવોને જંગલ તરફ વાળવા યોગ્ય પગલાં ભરે તેવી ઉગ્ર લોકમાંગ ઉઠી છે, જેથી ખેડૂતો નિર્ભય બનીને પોતાનું ખેતીકામ કરી શકે.

# જસવંતપુર પ્રા. શાળાના ડૉ .પ્રણવભાઈ રાજ્યગુરુની પાઠ્યપુસ્તક મંડળમાં કન્વીનર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી

## સંસ્કૃત શક્તિ ગુરુકુળ માટે પ્રકાશિત થયેલા ધોરણ–૮ 'ગણિતમ્ પાઠ્યપુસ્તકમાં આપ્યું ઉત્તમ યોગદાન



ભાવનગર,તા.૨૫

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા સંસ્કૃત શક્તિ ગુરુકુળ માટે ધોરણ–૮નું 'ગણિતમ્ (પ્રવેશિકા–૩)' પાઠ્યપુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પાઠ્યપુસ્તક રાજ્ય સરકારના નવા અભ્યાસક્રમને અનુરૂપ તૈયાર કરવામાં આવ્યું છે અને તેમાં પ્રાચીન ભારતીય ગણિત, જ્યોતિષગણિત, બીજગણિત, ક્ષેત્રફળ, ભૂમિતિ, ભારતીય કાલગણના સહિતના વિષયોનું સરળ, રસપ્રદ અને પ્રવૃત્તિ આધારિત પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તકના લેખનકાર્યમાં ભાવનગરના ડૉ. પ્રણવભાઈ પી. રાજ્યગુરુએ કન્વીનર તરીકે સમગ્ર પુસ્તક નિર્માણ અને લેખન આયોજનની ઉત્કૃષ્ટ કામગીરી સંભાળી છે. પાઠ્યપુસ્તકને ગુણવત્તાસભર અને વિદ્યાર્થીકેન્દ્રિત સ્વરૂપ આપવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકમાં સંસ્કૃત ભાષાની સરળતા જાળવી રાખતાં ભારતીય ગણિત પરંપરા અને આધુનિક શૈક્ષણિક અભિગમનો સુંદર સમન્વય કરવામાં આવ્યો છે.આ પુસ્તકમાં આર્યભટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર જેવા મહાન ભારતીય ગણિતજ્ઞોના યોગદાનનો પરિચય કરાવવામાં આવ્યો છે. સાથે જ વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવભાવ અને વ્યવહારુ ગણિતીય સમજણ વિકસે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ, સ્વાધ્યાય અને દૃશ્યાત્મક રજૂઆતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓને ગણિતના મૂળભૂત સિદ્ધાંતો સરળતાથી સમજી શકાય તે માટે અવયવ-અવયવી, પૂર્ણાંક-અપૂર્ણાંક, ઘાત-ઘાતાંક, વર્ગ-વર્ગમૂળ, ટકાવારી, સાધારણ વ્યાજગણતરી, બીજગણિત, પરિમિતિ અને ક્ષેત્રફળ જેવા વિષયોની સાથે સાથે પંચાંગ ગણિત, કુંડલી ગણિત અને ભારતીય કાલગણના જેવા વ્યવહારિક ખગોળીય વિષયોનો સમાવેશ કરાયો છે.

# મહુવાના દુધાળા નં.૧ ગામે જુગાર રમતા બે શખ્સો ઝડપાયા, કેટલાક અંધારાઓનો લાભ લઈ ભાગ્યા!

ભાવનગર,તા.૨૫

મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે દુધાળા નં.૧ ગામમાં દરોડો પાડીને ખુલ્લી જગ્યામાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે રોકડ, મોબાઈલ અને વાહન સહિત કુલ રૂ. ૨૫,૫૯૦/- નો મુદ્દામાલ જપ્ત કરી જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગતરાત્રીના મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મધરાતે ૦૦:૦૫ વાગ્યે બાતમી મળી હતી કે દુધાળા નં.૦૧ ગામમાં મનુભાઈ જોળીયાની વાડીના શેઢે આવેલ ઝુંપડા નીચે કેટલાક શખ્સો લાઈટના અજવાળે ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ હકીકતના આધારે પોલીસે પંચોને સાથે રાખીને રાત્રે ૦૦:૨૦ વાગ્યે દરોડો પાડ્યો હતો.પોલીસની રેડ પડતા જ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને બે ઈસમોને ઝડપી લીધા હતા. પૂછપરછમાં તેમણે પોતાના નામ ચિરાગ ઉર્ફે ચીકણી જીતેન્દ્રભાઈ ગોહિલ ઉ.વ.૨૨, રહે. મગન કરશનના પુતળા પાસે, મહુવા અને મનોજભાઈ મગનભાઈ ભીલ ઉ.વ.૩૬, રહે. લાતી બજાર, મહુવા વાળો હોવાનું જણાવ્યું હતું. જ્યારે અન્ય કેટલાક ઈસમો અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પોલીસે ઝડપાયેલા બંને આરોપીઓ પાસેથી અને જુગારના પટમાંથી રોકડ રકમઃ રૂ. ૨,૫૯૦/-, એક મોબાઈલ ફોનઃ રૂ.૩,૦૦૦/- તેમજ ૨૦,૦૦૦/- ની કિંમતનું લાલ કલરનું સુઝુકી એક્સેસ અને ગંજીપાના મળી કુલ રૂ. ૨૫,૫૯૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા બંને શખ્સો વિરુદ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી, ફરાર થઈ ગયેલા અન્ય આરોપીઓને પકડવા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# તળાજામાં મધરાતે ગેસનો બાટલો ફાટતાં ભયાનક ધડાકો, પિતા-પુત્રનો આબાદ બચાવ

ભાવનગર,તા.૨૫

તળાજાની યાકુબભાઈની વાડી તરીકે ઓળખાતા રહેણાંક વિસ્તારમાં આજે રાત્રીના ૩ વાગ્યા પહેલા બ્લાસ્ટ નો મોટો ધડાકો થયોહતો. ધડાકો થતાંજ આસપાસ ના અડધા કિલોમીટર મા સાંભળવા મળ્યો હતો. જેને લઈ રહીશો સફાળા જાગીગયા હતા. સ્થળપર દોડી ને જતા ઝુંપડામા બ્લાસ્ટ સાથે આગ લાગીહતી.જે રહીશો અને ફાયર ટીમે ઓલવી હતી.બે વ્યક્તિ બહાર હોય તેમનો આબાદ બચાવ થયોહતો.


તળાજા ફાયર ઓફિસર પઢેરિયા એ જણાવ્યું હતુકે ૧૧૨ દ્વારા રાત્રીના ૨.૫૮ મિનિટે કોલ આવ્યો હતો.એ કોલના પગલે યાકુબભાઈની વાડી જ્યાં રહેણાંક વિસ્તાર છે ત્યાં આવેલ ઝૂંપડીમા આગ લાગી હતી.સ્થાનિક રહીશોએ જણાવ્યું હતુ કે ધડાકો એટલો મોટો હતો કે અડધા કિલોમીટરમા રહેતા લોકો ભર નિંદ્રામાંથી જાગી ગયા હતા.સ્થળપર જઈ ને જોતા ગેસનો નાનો બાટલો હતો ઝૂંપડીમા તે ફાટયોહતો.આ ઝૂંપડીમા બાપ દીકરો બે રહેછે.આ વિસ્તારમાં મકાન બનતા હોય ત્યાં રખોપુ કરવાની મજૂરી કરેછે. તેઓ આજે બહાર હોય બંને બચી ગયા હતા.આગને ફાયર ટીમ અને રહીશોએ ઓલવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# વિદ્યાર્થી આંદોલનની વાસ્તવિકતા

દેશમાં જ્યારે કોઈ પણ આંદોલન શરૂ થાય છે ત્યારે તેની પાછળની નિયત અને તેનો ઉદ્દેશ શું છે તે સમજવું ખૂબ જ જરૂરી બની જાય છે. હાલમાં જે વિદ્યાર્થી આંદોલન દેખાવના રૂપમાં સામે આવી રહ્યું છે તેને જોતા શરૂઆતમાં એવું લાગે કે વિદ્યાર્થીઓ પોતાના હક માટે લડી રહ્યા છે, પરંતુ જેમ જેમ તેના ઊંડાણમાં જઈએ છીએ તેમ તેમ સ્પષ્ટ થાય છે કે આ આંદોલન હવે વિદ્યાર્થીઓનું રહ્યું જ નથી. તેનો દોર કોઈ બીજાના હાથમાં જતો રહ્યો છે અને વિદ્યાર્થીઓને માત્ર હાથા તરીકે ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે. તપાસ એજન્સીઓની પ્રાથમિક તપાસમાં જે વિગતો બહાર આવી છે તે અત્યંત ચિંતાજનક છે અને તેના પરથી એ સ્પષ્ટ થાય છે કે આ આંદોલન પાછળ વિદેશી હાથ સક્રિય છે.આ આંદોલનને ચહેરો બનાવનારા લોકોમાં સોનમ વાંગચૂકનું નામ મુખ્ય છે. એક સમયે શિક્ષણ ક્ષેત્રમાં તેમના કાર્યને કારણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત અનેક લોકો તેમના ચાહક હતા. તેમના નવીન પ્રયોગોની પ્રશંસા થતી હતી. પરંતુ જ્યારથી તેમના એનજીઓ અને ટ્રસ્ટોને મળી રહેલા વિદેશી ભંડોળની તપાસ શરૂ થઈ છે ત્યારથી તેમનો સુર બદલાઈ ગયો છે. એફસીઆરએ એક્ટ હેઠળ મળતા પૈસાનો હિસાબ માંગવામાં આવતા અને તેનો ઉપયોગ ક્યાં થાય છે તે પૂછવામાં આવતા તેઓ અચાનક સરકાર વિરોધી બની ગયા છે. આ જ બાબત તેમની નિયત પર સૌથી મોટું પ્રશ્નચિહ્ન મૂકે છે. જો ભંડોળનો ઉપયોગ સાચા કાર્ય માટે થતો હોય તો હિસાબ આપવામાં શું વાંધો હોવો જોઈએ. પરંતુ જ્યારે હિસાબ માંગતા જ વિરોધ શરૂ થઈ જાય ત્યારે સમજી જવું જોઈએ કે દાળમાં કંઈક કાળું છે.બીજી બાજુ પેપર લીક જેવા અત્યંત સંવેદનશીલ મુદ્દા પર મોદી સરકારનું વલણ એકદમ સ્પષ્ટ અને કડક રહ્યું છે. સરકારે આ ઘટનાને હળવાશથી લીધી નથી. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરનારા કોઈપણ વ્યક્તિને છોડવામાં નહીં આવે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. આ માટે સરકારે તાત્કાલિક અસરથી ઉચ્ચ સ્તરીય એસઆઈટીની રચના કરી છે. આ એસઆઈટી માત્ર પેપર લીક કરનારા નાના માણસોને જ નહીં પરંતુ તેની પાછળ રહેલા મોટા નેટવર્કને પણ ખુલ્લું પાડશે. આ પગલું એ વાતનો પુરાવો છે કે સરકાર વિદ્યાર્થીઓની સાથે છે અને તેમના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. સરકાર આ બાબતમાં સક્રિય પગલાં લઈ રહી છે તે જોઈને વિદ્યાર્થીઓમાં પણ વિશ્વાસનો માહોલ બન્યો છે.પરંતુ દુઃખની વાત એ છે કે વિદ્યાર્થીઓની આ સાચી ચિંતાનો લાભ કેટલાક રાષ્ટ્રવિરોધી તત્વો લઈ રહ્યા છે. ધીમે ધીમે આ આંદોલનનો દોર તેમના હાથમાં જતો રહ્યો છે.



# ૧૫-વૈશ્વિક મંચ પર ભારતીય કેળવણીનો શંખનાદ

- હરભાઈએ આ વૈશ્વિક આયોજનની ખૂબીઓ અને ખામીઓનું તટસ્થ શૈક્ષણિક મૂલ્યાંકન કર્યું.
- જાપાનની શિક્ષણ પ્રણાલીનું સૌથી સબળ પાસું તેનું શારીરિક શિક્ષણ હતું.
- માનવ ક્રિયાઓનું સાચું ચાલકબળ અંતરમન જ છે.

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

ઓગસ્ટ ૧૯૩૭ (તારીખ ૨ થી ૮) દરમિયાન જાપાનના પાટનગર ટોકિયો ખાતે યોજાયેલી 'વૈશ્વિક કેળવણી પરિષદ'માં ઉપસ્થિત રહેવાનું ગૌરવપૂર્ણ નિમંત્રણ પ્રખર કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદીને સાંપડ્યું હતું. અમેરિકામાં સને ૧૯૨૩માં સ્થાપિત 'ધ વર્લ્ડ ફેડરેશન ઓફ એજ્યુકેશન એસોસિએશન્સ'ના નેજા હેઠળ દર બે વર્ષે આ આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાતું. તે વર્ષે ટોકિયો યુનિવર્સિટીમાં યોજાયેલા આ શૈક્ષણિક મહાકુંભમાં વિશ્વભરમાંથી આશરે બારસોથી વધુ શિક્ષણવિદો અને પ્રતિનિધિઓ ઉત્સાહભેર સહભાગી થયા હતા.

ભારતથી ગયેલા ૬૯ સભ્યોના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ અજમેર કોલેજના તત્કાલીન પ્રિન્સિપાલ શ્રી શેસાદ્રી કરી રહ્યા હતા, જેમાં હરભાઈ અગ્રણી સભ્ય હતા. હરભાઈએ આ વૈશ્વિક આયોજનની ખૂબીઓ અને ખામીઓનું તટસ્થ શૈક્ષણિક મૂલ્યાંકન કર્યું. પરિષદ અંગેના તેમના અનુભવો અને ગરિમાપૂર્ણ સમીક્ષા તેમના જ શબ્દોમાં નીચે મુજબ છે:

"જાપાનના આયોજકોની વ્યવસ્થા પ્રશંસનીય અને અદ્ભુત ચોક્સાઈથી સભર હતી. સમગ્ર પરિષદને ૧૩થી વધુ વૈવિધ્યસભર વિભાગોમાં વહેંચવામાં આવી હતી; જેમાં સવારનું સત્ર શૈક્ષણિક ચિંતન માટે અને બપોર પછીનો સમય જાપાનના પ્રાકૃતિક સૌંદર્ય તેમજ દર્શનીય સ્થળોની મુલાકાત માટે નિયત હતો.

જો કે, પરિષદમાં ચીનની ગેરહાજરી ભારે ખટકે તેવી અને સૂચક હતી. આંતરરાષ્ટ્રીય મંચ પરથી જ્યાં વિશ્વશાંતિ અને માનવતાના આલાપ જપાતા હતા, ત્યાં જ બીજી તરફ જાપાની સેના ચીનની ખ્યાતનામ યુનિવર્સિટીઓ પર દારૂગોળો વરસાવી તેને ધ્વસ્ત કરી રહી હતી! આ ઘોર વૈચારિક વિરોધાભાસે સંવેદનશીલ કેળવણીકારોને સ્તબ્ધ કરી દીધા. પરંતુ સામ્રાજ્યવાદી અંધાધૂંધી વચ્ચે ન્યાય માટેનો ચીનનો આર્તપોકાર સાંભળવાની ફુરસદ કોને હતી?

આ આયોજનમાં શૈક્ષણિક દ્રષ્ટિએ બે મુખ્ય ત્રુટિઓ ઉડીને આંખે વળગતી હતી: પ્રથમ, ૧૩ અલગ-અલગ વિભાગોમાં સમાંતર ચાલતી કાર્યવાહીનું સમયપત્રક એટલું જટિલ હતું કે કોઈ પણ પ્રતિનિધિ એક-બેથી વધુ વિભાગોનો લાભ લઈ શકતો નહોતો. દ્વિતીય, જાપાનના શ્રેષ્ઠ વિદ્વાનોના વ્યાખ્યાનો મૂળ જાપાનીઝ ભાષામાં જ હતા. જો તે વૈશ્વિક સ્તરે સ્વીકૃત અંગ્રેજી ભાષામાં થયા હોત, તો વધુ હિતપ્રદ નીવડત (જો કે, પાછળથી તેના અનુવાદની સગવડ કરાઈ હતી).

જાપાને પોતાની અદ્ભુત પ્રગતિ, સાંસ્કૃતિક વિરાસત અને ઉષ્માભર્યા આતિથ્યથી સૌના દિલ જીતી લીધા. વિવિધ શિક્ષણ સંસ્થાઓની મુલાકાત દરમિયાન ત્યાંની શૈક્ષણિક ક્રાંતિ પ્રભાવશાળી હતી. પરંતુ, આ પ્રગતિ વચ્ચે જાપાન 'સહશિક્ષણ' (ર્ઝ-ીઙ્ઘેષ્ઠટ્ઠૈહ) નો કટ્ટર વિરોધી હતું, જે ભારે આઘાતજનક બાબત હતી. જાપાની મહિલાઓ ઉચ્ચ શિક્ષિત અને સામાજિક ક્ષેત્રે અગ્રેસર હોવા છતાં, શિક્ષણમાં સ્ત્રી-પુરુષના ભેદભાવની આ જડ પ્રણાલી અકળ હતી. એક વિદેશી મહિલા અધ્યાપિકાએ તો મંચ પરથી જ આ રૂઢિચુસ્તતાનો સખત વિરોધ નોંધાવ્યો હતો."

અહીં એ નોંધવું પ્રાસંગિક રહેશે કે, તે જ સમયગાળા દરમિયાન હરભાઈ ભાવનગરની વિખ્યાત 'દક્ષિણામૂર્તિ' સંસ્થાના વિનયમંદિરમાં માધ્યમિક સ્તરે સહશિક્ષણનો સફળ અને ક્રાંતિકારી પ્રયોગ ઉત્સાહપૂર્વક ચલાવી રહ્યા હતા. જ્યારે સમગ્ર વિશ્વ લિંગભેદ ભૂલીને સમાન તકો તરફ આગળ વધી રહ્યું હતું, ત્યારે પ્રગતિશીલ જાપાન "સ્ત્રીઓ માત્ર ગૃહિણી બનવા જ સર્જાઈ છે" તેવી સંકુચિત માન્યતા રાખી સહશિક્ષણનો નિષેધ કરે, તે હરભાઈ જેવા ઉદારમતવાદી અને દીર્ઘદ્રષ્ટા કેળવણીકાર માટે અસહ્ય હતું.

આ વૈચારિક જડતાથી તેમનું સંવેદનશીલ મન કકળી ઊઠ્યું. તેમણે સ્ત્રી-કેળવણીના સત્રમાં દોઢ કલાક સુધી સચોટ અને તાર્કિક પ્રવચન આપી સહશિક્ષણની અનિવાર્યતા સિદ્ધ કરી. જો કે, તેમણે પોતાના અહેવાલમાં જાપાનની અન્ય શૈક્ષણિક ખૂબીઓની મુક્તકંઠે પ્રશંસા પણ કરી:

"જાપાનમાં સાક્ષરતાનો દર ૯૯.૫ ટકા જેટલો ઉચ્ચ હતો, જ્યારે તેની સામે ભારત માત્ર ૮ ટકાના અત્યંત નીચા સ્તરે ઝઝૂમતું હતું. આ આંકડા વિદેશીઓ માટે આશ્ચર્યજનક હતા. જાપાનની શિક્ષણ પ્રણાલીનું સૌથી સબળ પાસું તેનું શારીરિક શિક્ષણ હતું. દરેક વિદ્યાર્થી માટે શારીરિક સુદ્રઢતા ફરજિયાત હોઈ ત્યાં આધુનિક વ્યાયામશાળાઓ, સ્વિમિંગ પૂલ અને વિશાળ ક્રીડાંગણોની ઉત્કૃષ્ટ વ્યવસ્થા હતી. ઉપરાંત, સમગ્ર પાઠ્યક્રમમાં હુન્નરઉદ્યોગ અને ઔદ્યોગિક તાલીમ વણી લેવાયા હતા. શિક્ષણ યોજના વ્યાપક અને શાળાઓ સ્વાયત્ત હતી. ત્યાં બાળકને કેન્દ્રમાં રાખી કેળવણીની વિશાળ ક્ષિતિજો વિસ્તારી દેવામાં આવી હતી."

### 'ટોકિયો નૂતનશિક્ષણ સંઘ' સમક્ષ વ્યાખ્યાન: 'આપણું કાર્ય'

હરભાઈની વૈચારિક સ્પષ્ટતા, નિર્ભીક રજૂઆત અને ગહન ચિંતનથી પ્રભાવિત થઈને 'ટોકિયો નૂતનશિક્ષણ સંઘે' તેમને વ્યાખ્યાન આપવા ભાવભીનું આમંત્રિત કર્યા, જે તેમની વૈચારિક સમૃદ્ધિની વૈશ્વિક સ્વીકૃતિ હતી. 'આપણું કાર્ય' વિષય પર અંગ્રેજીમાં અપાયેલા આ ઐતિહાસિક વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર નીચે મુજબ છે:

"આદરણીય સભાસદો અને શિક્ષક બંધુઓ,

આજે સમગ્ર વિશ્વમાં નૂતન શિક્ષણની જે નવી લહેર પ્રવર્તી રહી છે, તેની ઝલક આ પરિષદમાં જોવા મળી. આ વૈશ્વિક પ્રવાહ દર્શાવે છે કે શ્રેષ્ઠ કેળવણીકારો હવે પરંપરાગત ઢાંચામાંથી મુક્ત થઈ નૂતન પ્રયોગો તરફ વળી રહ્યા છે. ભારતમાં પણ આ નૂતન શિક્ષણના મંગળાચરણ થઈ ચૂક્યા છે.

ભૌગોલિક અંતર કે પ્રથમ પરિચય છતાં, આપણા આદર્શ, લક્ષ્ય અને જીવન-મથામણ સમાન છે. આપણે સૌ એક જ પરમ ધ્યેય માટે સમર્પિત વૈશ્વિક સૈનિકો છીએ અને ઈચ્છિત સિદ્ધિ ન મળે ત્યાં સુધી વિરામ લેવાનો નથી. આ આદર્શાત્મક સમાનતા અને બંધુભાવ જ નૂતન શિક્ષણની સાચી સફળતા છે, જે વિશ્વના કોઈ પણ ખૂણે બેઠેલા શિક્ષકોને પરસ્પર આત્મિક રીતે સાંકળે છે.

ટોકિયોની સંસ્થાઓમાં ગુરુ-શિષ્ય વચ્ચેનો સ્નેહપૂર્ણ સંબંધ હૃદયસ્પર્શી છે, જેની સામે કોઈ પણ જડ પદ્ધતિ ઓગળી જાય છે. જો કે, અહીંના મનોવૈજ્ઞાનિક પ્રયોગો માત્ર બાળકના સ્થૂળ શરીર અને તેના જ્ઞાત મન (ર્ઝહ્વજષ્ઠૈર્ેજ) પૂરતા જ સીમિત છે. જો આપણે બાળકના અજ્ઞાત મન (જીેહ્વષ્ઠહજષ્ઠૈર્ેજ ) ના ઊંડાણને ન સ્પર્શીએ, તો શિક્ષણ અધૂરું છે; કારણ કે માનવ ક્રિયાઓનું સાચું ચાલકબળ અંતરમન જ છે. શાળાઓએ આ અજ્ઞાતમનને સમજવાની વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવવી પડશે.

પ્રેમ અને સહકાર નૂતન શિક્ષણના પ્રાણતત્વો છે, જે હિંસાના વાતાવરણમાં ક્યારેય પાંગરી ન શકે. ચીન સાથેના યુદ્ધની વર્તમાન રાજકીય અંધાધૂંધી વચ્ચે પ્રેમ અને અહિંસાની વાતો કદાચ હાસ્યાસ્પદ લાગે અને યુદ્ધોન્માદમાં શાસકો આપણો અવાજ ન પણ સાંભળે, છતાં તમારા જેવા મનીષીઓ સમક્ષ આ શાશ્વત સત્ય ઉચ્ચારવાની ધૃષ્ટતા કરું છું. દુનિયા ભલે હિંસાના માર્ગે હોય, પરંતુ શિક્ષકોએ આશા અમર રાખવાની છે. આજના શાસકો ભલે આપણી મશ્કરી કરે, પણ આવતીકાલના ઘડવૈયા અને નાગરિકો આપણા જ વર્ગખંડોમાં આકાર લઈ રહ્યા છે. શિક્ષણ દ્વારા જ નવી પેઢીને શાંતિના માર્ગે વાળી શકાશે. આવો, આપણે સૌ સાથે મળીને આ શૈક્ષણિક મહાયજ્ઞમાં સમર્પિત થઈએ."

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** શનિ દેવ આપની ચંદ્ર રાશિના બારમા ભાવમાં બિરાજમાન રહેશે અને આવામાં, આ વાત આપ આ સપ્તાહ સારી રીતે સમજી શકશો કે, જો આપ યોગને આપની દિનચર્યામાં સામેલ કરો, તો આપની ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ દૂર થઈ જશે. કારણ કે આ સપ્તાહ સ્વાસ્થ્યના લિહાઝથી આપને, આત્મચિંતન કરવાના ઘણા અવસર આપશે. આ સપ્તાહ આપ આપના વ્યસ્ત જીવનમાંથી કેટલીક સુકૂનભરી પળોની શોધ કરતા, ઘૂમવા-ફરવા અને પૈસા ખર્ચ કરવાના મૂડમાં રહેશો. પરંતુ આપને કોઈ પણ પ્રકારના ધનને ખર્ચ કરતી વખતે, વિશેષ સાવચેતી રાખવી પડશે. કારણ કે શક્ય છે કે આ સમયે આપ પૈસા ખર્ચ કરતા સુકૂન તો પ્રાપ્ત કરી લો, પરંતુ પછીથી આપને આ કાર્ય માટે પસ્તાવો પણ કરવો પડી શકે છે. આ સપ્તાહ આપને, ઘરના બાળકો અથવા પોતાના કરતા ઓછા અનુભવી લોકો સાથે, વાતચીત દરમ્યાન ધૈર્ય સાથે કામ લેવાની જરૂર છે. કારણ કે શક્ય છે કે તેઓ સાથે આપનો વિચારોનો મતભેદ ઉત્પન્ન થાય, જેનાથી આપ આપનો ધૈર્ય ગુમાવતા અમર્યાદ ભાષાનો પણ ઉપયોગ કરી શકો છો. આવામાં પરિવારમાં આપની છબીને નુકસાન પહોંચવાની આશંકા રહેશે. તેથી આવું કંઈ પણ કરવાથી હમણાં બચો. આ સપ્તાહ આપના પ્રેમ જીવન માટે, ઘણો જ સારો રહેવાનો છે.

**વૃષભ - (બ, વ, ઉ)** શનિ મહારાજ આપની ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત રહેશે અને આના ફળ સ્વરૂપ, આ સપ્તાહ આપ સમાજના ઘણા મોટા લોકો સાથે મુલાકાત કરવા માટે, વધારાના પ્રયત્નો અને ઊર્જાનો ઉપયોગ કરતા દેખાશો. પરંતુ આ દરમ્યાન આપને એ સમજવું પડશે કે સામાજિક મેળ-મિલાપ વધારવા કરતા, આપ માટે આપના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવું જરૂરી છે. તેથી આપની ઊર્જા બચાવતા, તેનો ઉપયોગ આપના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે કરો. આ વાત આપ પણ સારી રીતે સમજો છો કે, જો આ સમયે આપને ધન લાભ થઈ રહ્યો છે, તો જરૂરી નથી કે આવી સ્થિતિ કાલે પણ કાયમ રહે. આવામાં વધુ સારું એ જ રહેશે કે ભવિષ્યની દરેક આર્થિક પડકારો માટે પહેલેથી જ તૈયારી કરતા, આપે માત્ર અક્કલથી કરાયેલ રોકાણ જ કરવું જોઈએ. તેથી આપની મહેનતની કમાણી, સોચ-સમજ કરીને જ કોઈ પણ યોજનામાં લગાવો. કેતુ દેવ આપની ચંદ્ર રાશિના ચોથા ભાવમાં બેઠા રહેશે અને આવામાં, આ સપ્તાહ શક્ય છે કે ઘર-પરિવારમાં બીજા સભ્યો વચ્ચે પારિવારિક કંકાસ થાય, જેના કારણે પારિવારિક શાંતિ ભંગ પણ થઈ શકે છે. જો કે આ દરમ્યાન આપને બીજાઓના મામલામાં દખલ આપવાથી બચવાની જ સૂચના આપવામાં આવે છે, અન્યથા તેઓના વિવાદમાં આપ પણ ફસાઈ શકો છો. જો પૂર્વે આપને આપની કારકિર્દીમાં કંઈક નિરાશા હાથ લાગી હોય, તો આ સપ્તાહ વસ્તુઓ ફરી ઠીક થવા લાગશે અને આપનો વ્યવસાય સકારાત્મક દિશામાં આગળ વધવા લાગશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ સપ્તાહ ભલે આપના સ્વાસ્થ્યમાં સુધારો, સ્પષ્ટ દેખાશે. પરંતુ તે છતાં આપને આ દરમ્યાન, દરેક પ્રકારની લાંબી દૂરીની યાત્રાઓ કરવાથી પરહેજ કરવો પડશે અને જો કોઈ યાત્રા જરૂરી હોય, તો આપની મેડિકલ તપાસ કરાવ્યા પછી જ કોઈ પણ યાત્રા પર જાઓ. આ રાશિ વાળાઓનો આર્થિક પક્ષ આખરે ઘણા ઉતાર-ચઢાવ પછી, સામાન્ય થતો દેખાશે, કારણ કે આપની ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં કેતુ ગ્રહ સ્થિત રહેશે. સંભાવના છે કે, સપ્તાહના શરૂઆતના દિવસો ભલે આપને ઠીક-ઠાક ફળ ન આપે, પરંતુ ધીરે-ધીરે આપ પાસે અલગ-અલગ સંપર્કોથી ધન આવતું પ્રતીત થશે. તેથી નસીબનો ઉચિત ફાયદો ઉઠાવતા, આ અઠવાડિયે આપના ધનની બચત કરવાની દિશામાં જ આપના પ્રયત્નો કરો. જો આપના માતા-પિતાનું સ્વાસ્થ્ય પ્રભાવિત હતું, તો તેમાં આ સપ્તાહ સુધારો આવવાની પ્રબળ સંભાવના દેખાઈ રહી છે. આનાથી આ આખા સપ્તાહ, આપનું પારિવારિક જીવન ઘણી હદ સુધી સારું રહેશે અને આ અવધિમાં આપ કોઈ વાહન અથવા પ્રોપર્ટી ખરીદવાની યોજના બનાવી શકો છો.

**કર્ક - (ડ, હ) :-** રાહુ મહારાજ આપની ચંદ્ર રાશિના આઠમા ભાવમાં બિરાજમાન રહેશે અને આના પરિણામ સ્વરૂપ, જો આપ મેદસ્વિતાની આપની સમસ્યાથી પરેશાન છો, તો આ સપ્તાહ આપને આપના વજન પર સતત નજર રાખતા, તેમાં સુધારો કરવાની સૌથી વધારે જરૂર રહેવાની છે. આ માટે સૌથી વધુ સારું આપ માટે એ જ રહેશે કે, જરૂર કરતા વધારે ખાવાથી બચો અને નિયમિત રૂપે યોગાભ્યાસ કરો. આ સપ્તાહ આપ આપની મહેનત અને લગનથી, એવા ઘણા અવસર પ્રાપ્ત કરી શકશો, જેનાથી આપ પૈસા બનાવી શકો. પરંતુ આ માટે આપને આપની જમા-પૂંજી આંખ મીંચીને રોકાણ કરવાની જગ્યાએ, પરંપરાગત રૂપે કોઈ સારી યોજનામાં રોકાણ કરવાની જરૂર રહેશે. આ સપ્તાહ આપ સ્વયં જ ઘરેલુ કાર્યોમાં રસ લેતા, ઘરની અન્ય મહિલાઓની મદદ કરી શકો છો. આનાથી પરિવારમાં માન-સન્માનની વૃદ્ધિ સાથે જ, આપને બીજા સભ્યો સાથે આપના સંબંધ મજબૂત કરવામાં મદદ મળશે. આ સપ્તાહ શનિ દેવ આપની ચંદ્ર રાશિના નવમા ભાવમાં ઉપસ્થિત હોવાના કારણે ઘર-પરિવારમાં ચાલી રહેલ કોઈ મામલો, આપની કારકિર્દીને અવરોધી શકે છે.

**સિંહ - (મ, ટ) :-** આપની ચંદ્ર રાશિના બારમા ભાવમાં ગુરુ દેવ ઉપસ્થિત રહેશે અને આવામાં, આ સપ્તાહ આપ ઉપર કામનો વધારાનો બોજ, આપના સ્વાસ્થ્યને અવરોધી શકે છે. આવામાં આપના વ્યસ્ત જીવનમાંથી થોડો સમય પોતાના માટે કાઢતા, આપના શરીરને થોડો આરામ આપો. આ સપ્તાહ કોઈ પૈતૃક સંપત્તિની ખરીદ અથવા વેચાણથી, આપને સારો-ખાસો ધન લાભ થવાના યોગ બનશે. જો કે ધ્યાન રહે કે, દરેક નફાના સોદા ખત્મ થવા પહેલા જ, તેને અજાણ્યા લોકો સમક્ષ રાખવો અથવા તેના વિશે તેઓને જણાવવું, આપની બનતી ડીલ ખરાબ કરી શકે છે. તેથી આવું કંઈ પણ કરવાથી હમણાં બચો. આ સપ્તાહ આપ અનુભવ કરશો કે, પરિવારના સભ્યો આપના ઉદાર વ્યવહારનો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે. જેના કારણે આપને ઘણા કષ્ટ પણ ઉઠાવવા પડી રહ્યા છે. પરંતુ તે છતાં આપને પોતાને મજબૂત બનાવતા, આપના સ્વભાવમાં થોડો પરિવર્તન લઈ આવવાની આ સમયે જરૂર રહેવાની છે. તેથી શરૂઆતથી જ આ વાતનું ધ્યાન રાખવું, આપ માટે હિતકારી સાબિત થશે. આ રાશિના સ્વ-રોજગારી વ્યવસાયીઓ, આ સપ્તાહ વધારે સફળતા હાંસલ કરશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** બૃહસ્પતિ દેવ આપની ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત રહેશે અને આવામાં, આ સપ્તાહ આપનું સ્વાસ્થ્ય જીવન, ઘણું બહેતર રહેવાની ઉમ્મીદ છે. આ દરમ્યાન આપ એ લોકો સાથે વધારે ઘૂળવું-મળવું પસંદ નહીં કરો, જે આપને નકામી ચિંતા આપે છે. જેના કારણે આપનું માનસિક સ્વાસ્થ્ય પણ ઘણું બહેતર રહેશે. આ અઠવાડિયાની શરૂઆતમાં જ, આપના જીવનમાં આવી રહેલ દરેક પ્રકારની આર્થિક પરેશાની દૂર થશે અને તેમાં આવેલ સુધારાના ચલતે, સપ્તાહના મધ્યમાં આપ માટે ઘણી જરૂરી વસ્તુઓ ખરીદવી સહેલી થઈ જશે. જેનાથી આપ આપની સુખ-સુવિધાઓમાં વૃદ્ધિ કરતા નજરે પડશો. કેટલાક લોકો માટે, પરિવારમાં કોઈ નવા મહેમાનનું આગમન ઉત્સવ અને આનંદના ક્ષણો લઈ આવશે. આનાથી ઘરમાં નવા-નવા પકવાનો બનશે અને સાથે જ આપને લાંબા સમય પછી, આખા પરિવાર સાથે બેસવા અને સમય વ્યતીત કરવાનો અવસર પણ મળશે. આ સપ્તાહ વ્યાપારીઓને પોતાના કારોબાર સાથે જોડાયેલ કોઈ પણ વાત, દરેક સાથે શેર કરવાથી બચવું પડશે. કારણ કે આપને આ વાત સમજવી પડશે કે, દરેક સાથે પોતાની યોજના વ્હેંચવી, ઘણી વખત આપને મોટી મુશ્કેલીમાં મૂકી શકે છે. આ રાશિના વિદ્યાર્થીઓ માટે, આ સપ્તાહ વિશેષ રૂપે અનુકૂળ રહેશે.

**તુલા - (ર, ત) :-** તમારી ચંદ્ર રાશિના છઠ્ઠા ભાવમાં શનિ ગ્રહ બેઠા હશે અને આ વર્ષે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતાં સારું રહેશે, જેના કારણે તમે તાજગી અનુભવશો. આ એ સમય હશે જ્યારે તમે તમારા ખુશમિજાજ સ્વભાવથી બીજાઓ સાથે ખુલ્લા દિલે હસી-મજાક કરતા પણ દેખાશો. રાહુ મહારાજ તમારી ચંદ્ર રાશિના પાંચમા ભાવમાં બિરાજમાન હોવાના કારણે આ સપ્તાહ તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરી ધન પ્રાપ્ત કરવા માંગો છો, તો તમારા માટે સફળતાનો મંત્ર એ છે કે જે લોકો મૌલિક વિચારો ધરાવતા હોય અને તમારા કરતાં વધુ અનુભવી હોય, તેમની સલાહ પર જ તમારે પૈસા રોકવા જોઈએ. તભી તમે તમારા ધનને સુરક્ષિત રાખતા મુનાફો કમાઈ શકશો. આ સપ્તાહ પરિવારમાં સુમેળ બેસાડવા માટે, તમારો જીવનસાથી તમારી સહાયતા કરશે અને એ આ બાબતમાં તમારા માટે સૌથી વધુ મ??ગાર સાબિત થશે. યોગ એ પણ બની રહ્યા છે કે તમારા સગા-સંબંધીઓ અને મિત્રો તરફથી અચાનક, કોઈ સારી ભેટ પણ મળે. તમારા લક્ષ્ય પૂર્ણ કરવા માટે, જો તમારા કારણે કોઈને નુકસાન થયું હોય તો, તેની પાસે માફી માગવાની જરૂર છે. કારણ કે, મનુષ્ય પાસેથી ભૂલ થવી સ્વાભાવિક છે, પરંતુ જો એ જ ભૂલ વારંવાર દ?હરાવાય, તો એ મૂર્ખામી કહેવાય.

**વૃશ્ચિક - (ન, ય) :-** ગુરુ દેવ તમારી ચંદ્ર રાશિના નવમા ભાવમાં બિરાજમાન હશે અને આ સપ્તાહ તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાના સ્તરમાં સારો વધારો આવવાના યોગ બનશે. જો કે, આ દરમ્યાન તમારી ઊર્જા વ્યર્થ ન કરતાં, તેને સાચી દિશામાં લગાડી, એ તમામ કાર્યો કરવાની જરૂર રહેશે, જે લાંબા સમયથી તમે ટાળતા આવ્યા છો. આ સપ્તાહ આર્થિક જીવનમાં ભાગ્ય તો સાથ આપશે, પરંતુ કોઈ પણ રોકાણ કરવું હોય, તો પ્રથમ વાસ્તવિક્તાઓનો આકાર કરી લો અને ત્યારબાદ જ રોકાણ કરો. અન્યથા, તમારું ધન અટકી શકે છે. ઘરના વાતાવરણમાં કોઈ ફેરફાર કરતા પહેલા, આ સપ્તાહ અન્ય સભ્યોનો અભિપ્રાય પૂછવાની પણ કોશિશ કરો. અન્યથા, ઘરવાળાઓના હિતમાં જે નિર્ણય લેવાનું વિચારી રહ્યા હતા, એ તેમને તમારી સામે કરી શકે. આ સપ્તાહ કારકિર્દીમાં દરેક પરિસ્થિતિમાં ભાગ્ય સાથ આપી શકશે, કારણ કે શનિ દેવ તમારી ચંદ્ર રાશિના પાંચમા ભાવમાં ઉપસ્થિત હશે. જે એ દર્શાવે છે કે આ સમયે તમને તમારા વરિષ્ઠ અધિકારીઓ તરફથી ઉચિત પ્રશંસા અને સહકાર પણ મળશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં શનિ મહારાજ બેઠા હશે અને આ સપ્તાહ તમારે કેટલાક થકવી નાખતા કાર્યોમાંથી સમય કાઢીને, આરામ કરવાની અને નજીકના મિત્રો તથા પરિવાર સાથે ખુશીના કેટલાક પળ વિતાવવાની જરૂર રહેશે. કારણ કે, આનાથી તમને આંતરિક આનંદ મળવાની સાથે, તમારી કાર્ય ક્ષમતા વધારવાની તક પણ મળી શકશે. તેથી, શરીરને થોડો આરામ આપવો, હાલ તમારા માટે ઉત્તમ રહેવાનું છે. આ આખા સપ્તાહ દરમ્યાન તમારે જીવનના અલગ-અલગ ક્ષેત્રોમાં ધન ખર્ચ કરવું પડશે, જેને કારણે તમે કંઈક ધનની ઓછપ અનુભવી શકો છો, કારણ કે આ દરમ્યાન ગુરુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના આઠમા ભાવમાં ઉપસ્થિત હશે. આવામાં, આ સમયે આર્થિક બાબતોને લઈ, શરૂઆતથી જ એક સાચી વ્યૂહરચના બનાવવી સૌથી વધુ જરૂરી રહેશે. આનાથી તમે ઘણા નકામા ખર્ચ પર કાબૂ મેળવી શકશો. આ સપ્તાહ ઘર-પરિવારમાં કોઈ સમારોહ અથવા કોઈ શુભ કાર્ય સંપન્ન થઈ શકે છે. જેના કારણે પરિવારમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળશે અને ઘર-પરિવારના તમામ સભ્યો પ્રસન્ન થશે. ઘરનો આ શુભ કાર્યક્રમ, કોઈનું લગ્ન અથવા સંતાનના જન્મોત્સવ સ્વરૂપે ઉજવાશે. આ સપ્તાહ તમે પહેલા કરતાં, તમારા લક્ષ્ય કંઈક વધુ ઊંચા નક્કી કરી શકો છો.

**મકર - (ખ, જ) :-** આ સપ્તાહ વ્યસ્ત દિનચર્યા છતાં, તમારી તંદુરસ્તી સામાન્ય કરતાં સારી રહેશે. પરંતુ, આને હંમેશા માટે સાચું માની લેવાની ભૂલ ન કરતાં, સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી ન રાખો. આવામાં, તમારી જિંદગી અને સ્વાસ્થ્યનો આદર કરો, અને સારી દિનચર્યા અપનાવો. અન્યથા, ભવિષ્યમાં કેટલીક મુશ્કેલીઓ સામે ઝઝૂમવું પડી શકે છે. તમારી ચંદ્ર રાશિના સાતમા ભાવમાં ગુરુ ગ્રહ ઉપસ્થિત હશે અને તેના ફળ સ્વરૂપ, આ સપ્તાહ તમને ધન લાભ થશે, ત્યારબાદ તમે કોઈ સારા રોકાણમાં પૈસા લગાવતા, તમારી સમૃદ્ધિ અને આર્થિક સુરક્ષામાં વધારો કરી શકો છો. આ માટે તમે તમારા સગા-સંબંધી અથવા કોઈ નજીકની વ્યક્તિ સાથે, ભાગીદારીના વ્યવસાય અંગે પણ કોઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો, કારણ કે શનિ દેવ તમારી ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં બેઠા હશે. કેટલાક લોકો માટે, પરિવારમાં કોઈ નવા મહેમાનનું આગમન ઉત્સવ અને આનંદના પળ લઈ આવશે. આનાથી ઘરે નવી-નવી વાનગીઓ બનશે અને સાથે જ, ઘણા સમય પછી, આખા પરિવાર સાથે બેસવા અને સમય વિતાવવાની તક પણ મળશે. અંગત જીવનમાં અન્ય લોકો સાથે ચાલી રહેલી અણબનાવ, તમને પરેશાન કરશે. આનાથી, કાર્યસ્થળ પર પણ અન્ય લોકો પર વિશ્વાસ કરવામાં સંકોચ અનુભવશો. જેનાથી, તમારા ઘણા જરૂરી કાર્ય અટકી શકે છે. જે રીતે એક વિદ્યાર્થી માટે જેટલું જરૂરી ભણતર છે, એટલી જ જ?રૂ?રી સારા શરીર માટે ઊંઘ પણ છે.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** રાહુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના પ્રથમ/લગ્ન ભાવમાં મોજૂદ હશે અને તેના ફળ સ્વરૂપ, આ સપ્તાહ બીજાઓના તમારા પ્રત્યેના નજરિયાને જોઈ, તમને એવું લાગી શકે છે કે નવું શીખવા માટે તમે હવે ઘણા વૃદ્ધ થઈ ગયા છો. આવામાં, આ વિચારીને મૂડ બગાડવાને બદલે, તમારી કાબેલિયત પર ભરોસો રાખો અને એ ન ભૂલો કે તમે તમારી સર્જનાત્મક અને સક્રિય સોચના કારણે, કંઈ પણ સહેલાઈથી શીખી શકો છો. આવામાં, તમારી વિચારવા-સમજવાની શક્તિ આ જ દિશામાં લગાડવાની સૌથી વધુ જરૂર રહેશે. આ સપ્તાહ તમારે જમીન, રિઅલ-એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કારણ કે, આ સમય આ યોજનાઓમાં રોકાણ માટે અત્યંત ઉત્તમ સંયોગ બની રહ્યો છે. આવામાં, આ તકો હાથમાંથી જવા ન દેતાં, તેનો ઉત્તમ લાભ ઉઠાવો. આ સપ્તાહ તમારી ઘરેલુ જવાબદારીઓ સારી રીતે સમજીને, તેમ નિભાવવાની જરૂર રહેશે. કારણ કે, જો તમે કોઈ પણ કારણસર તેમને અવગણ્યા, તો ઇચ્છ્યા વગર પણ, તમે પરિવારના સભ્યોને નારાજ કરી શકો છો. કેતુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના સાતમા ભાવમાં બિરાજમાન હોવાના કારણે, ભાગીદારીમાં કોઈ નવો પ્રોજેક્ટ શરૂ કરવા માટે, આ સપ્તાહ ઉત્તમ રહેવાનું છે. કારણ કે, આનાથી તમને અને ભાગીદારને પણ, સારો ફાયદો થશે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** બૃહસ્પતિ દેવ તમારી ચંદ્ર રાશિના પાંચમા ભાવમાં ઉપસ્થિત હશે અને આ સપ્તાહ, પગમાં દુખાવો, મચક, સાંધાના દુખાવાથી તમને રાહત મળી શકશે. ખાસ કરીને, આ સપ્તાહ ૫૦ વર્ષથી વધુ ઉંમરના જાતકો માટે, વિશેષ ઉત્તમ રહેવાના યોગ બનશે. આ સપ્તાહ એવી વસ્તુઓ ખરીદવા માટે સારો છે, જેની કિંમત આગળ જઈ વધી શકે. આવામાં, તમે સોનાના ઘરેણાં, ઘર-જમીન અથવા કોઈ ઘરના બાંધકામ કાર્યમાં રોકાણ કરી શકો છો, જેનાથી આગળ ચાલીને સારો ફાયદો મળવાના યોગ બનશે. જો તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય પ્રભાવિત હતું, તો તેમાં આ સપ્તાહ સુધારો આવવાની પ્રબળ સંભાવના દેખાઈ રહી છે. આનાથી, આ આખા સપ્તાહ, તમારું પારિવારિક જીવન ઘણા અંશે સારું રહેશે અને આ અવધિ દરમ્યાન, તમે કોઈ વાહન અથવા મિલ્કત ખરીદવાની યોજના બનાવી શકો છો. આ સપ્તાહ, તમારું મન પોતાના કાર્યોથી અળગું, સુખ-સુવિધાઓ પૂર્ણ કરવા તરફ વધારે લાગશે. આવામાં, તમારું મન ફક્ત અને ફક્ત લક્ષ્ય તરફ જ લગાડો, અને ભાવનાત્મક બાબતોથી દૂર રહો. અન્યથા, તમારા માટે જ મુસીબત ઊભી થઈ શકે છે. તમારું સાપ્તાહિક રાશિફળ એ સૂચવે છે કે, ઉચ્ચ શિક્ષણ ગ્રહણ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે પણ, આ સમય વિશેષ સારો રહેશે. કારણ કે, આ દરમ્યાન દરેક વિષય સમજવામાં મદદ મળશે, જેનાથી, તમે તમારા ભવિષ્ય માટે કોઈ મોટો નિર્ણય પણ લઈ શકો છો.

# પંજાબના બાળકો હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પાઠ ભણશે




## પંજાબની દરેક પીએસઈબી શાળામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક મુખ્ય વિષય હશે. દરેક બાળક, પછી ભલે તે શહેરનો હોય કે ગામડાનો, તે જ કૌશલ્યો શીખશે જે વિશ્વભરના અગ્રણી દેશો તેમના વિદ્યાર્થીઓને શીખવવા માટે દોડી રહ્યા છે

**વાત અને વિચાર**

શાળા શિક્ષણમાં નોંધપાત્ર પરિવર્તન લાવતા, પંજાબ ધોરણ ૧ થી ૧૨ સુધી કૃત્રિમ બુદ્ધિ (એઆઇ) ને મુખ્ય વિષય તરીકે રજૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. પંજાબ શાળા શિક્ષણ બોર્ડ એઆઇ પ્રોજેક્ટ હેઠળ તબક્કાવાર રીતે આ અભ્યાસક્રમ લાગુ કરશે. આ દેશના સૌથી મોટા રાજ્ય-સ્તરીય છૈં શિક્ષણ મિશનમાંનું એક છે અને શિક્ષણના ભવિષ્યમાં પંજાબને અગ્રણી રાજ્ય તરીકે સ્થાન આપે છે. પંજાબના શાળા શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સે, દિલ્હીના ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી મનીષ સિસોદિયા સાથે મળીને, શિક્ષણ નિષ્ણાતો, ટેકનોલોજી ભાગીદારો અને શાળા શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આ પ્રોજેક્ટનો શુભારંભ કર્યો.

પંજાબની દરેક પીએસઈબી શાળામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એક મુખ્ય વિષય હશે. દરેક બાળક, પછી ભલે તે શહેરનો હોય કે ગામડાનો, તે જ કૌશલ્યો શીખશે જે વિશ્વભરના અગ્રણી દેશો તેમના વિદ્યાર્થીઓને શીખવવા માટે દોડી રહ્યા છે. ફરી એકવાર, પંજાબ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે જેણે ધોરણ ૧ થી ૧૨ સુધી એઆઇને મુખ્ય વિષય તરીકે સામેલ કર્યું છે.

સભાને સંબોધતા, પંજાબના શાળા શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સે જણાવ્યું હતું કે આજે પંજાબની શિક્ષણ પ્રણાલીમાં એક નવા યુગની શરૂઆત છે. પંજાબ ભારતનું પહેલું રાજ્ય બન્યું છે જેણે ધોરણ ૧ થી ૧૨ સુધી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો મુખ્ય વિષય તરીકે સમાવેશ કર્યો છે. અમે ગ્રીન રિવોલ્યુશનથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્રાંતિ તરફ આગળ વધી રહ્યા છીએ. તેમણે વધુમાં કહ્યું કે આનાથી વિદ્યાર્થીઓને ભવિષ્યના કૌશલ્યોથી સજ્જ કરવામાં આવશે અને નવીનતા, નૈતિક એઆઇ, ઉદ્યોગસાહસિકતા અને જવાબદાર ડિજિટલ નાગરિકતાને પ્રોત્સાહન મળશે. અમે ઇચ્છીએ છીએ કે પંજાબનું દરેક બાળક માત્ર આવતીકાલની નોકરીઓ માટે તૈયાર ન બને પણ ટેકનોલોજી-સંચાલિત વિશ્વમાં સર્જકો અને નવીનતાઓ પણ બને.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે સિંગાપોર, ફિનલેન્ડ યુએઈ અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓનો અભ્યાસ કર્યા પછી શિક્ષણ અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે. તે યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) ના એથિકલ એઆઈ ફ્રેમવર્ક સાથે જોડાયેલું છે જેથી ખાતરી કરી શકાય કે અમારા વિદ્યાર્થીઓ વિશ્વ કક્ષાના ધોરણો પર આધારિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો જવાબદાર, સલામત અને નૈતિક ઉપયોગ શીખે. આ કાર્યક્રમના અમલીકરણ અંગે, બેન્સે સમજાવ્યું કે પ્રથમ તબક્કો ધોરણ ૮ થી ૧૨ સુધી અમલમાં મૂકવામાં આવશે, જેમાં સરકારી અને માન્યતા પ્રાપ્ત ખાનગી શાળાઓમાં છૈં ને કમ્પ્યુટર સાયન્સમાં એકીકૃત કરવામાં આવશે. વિદ્યાર્થીઓને લાઇવ ઓનલાઈન વર્ગો, રેકોર્ડ કરેલા વ્યાખ્યાનો, પ્રોજેક્ટ-આધારિત શિક્ષણ, સતત મૂલ્યાંકન અને સમર્પિત લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા તાલીમ આપવામાં આવશે. ત્યારબાદ બીજા તબક્કામાં ધોરણ ૧ થી ૭ સુધી એઆઇ શિક્ષણનો સમાવેશ થશે.આ કાર્યક્રમ એફએ એઆઇના સહયોગથી હાથ ધરવામાં આવેલા પીએસઈબીના એઆઇ પાયલોટ પ્રોગ્રામની સફળતા પર આધારિત છે, જે રાજ્ય-સ્તરીય છૈં હેકાથોન સાથે સમાપ્ત થયો. લોન્ચ ઈવેન્ટ દરમિયાન પાયલોટ પ્રોજેક્ટમાંથી વિદ્યાર્થીઓની નવીનતાઓ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ટેકનિકલી રીતે, આ કાર્યક્રમ 'નીવ એઆઈ' દ્વારા અમલમાં મૂકવામાં આવશે અને ગૂગલ, ઈન્ટેલ, કેનવા અને 'એફએ-એઆઈ' સાથે વ્યૂહાત્મક સહયોગ દ્વારા તેને મજબૂત બનાવવામાં આવશે જેથી એઆઈ સાક્ષરતા, શિક્ષકોની ક્ષમતા નિર્માણ, નવીનતા અને કાર્યબળની તૈયારીને મજબૂત બનાવવામાં આવે.

# ફતેહપુરમાં એક યુવકે તેના સંબંધી સાથે મળીને તેની સાથે રહેતી એક મહિલાની હત્યા કરી




## હત્યાને અકસ્માતમાં ખપાવવા માટે શખ્સે યુવતિના મૃતદેહને કોથળામાં નાંખી રેલ્વે ટ્રેક પર ફેંકી દીધો

**ક્રાઈમ સ્ટોરી**

ફતેહપુર,

ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેણે બધાને ચોંકાવી દીધા છે. આ ઘટનામાં, એક યુવકે તેના મિત્રો સાથે મળીને પોતાની સાથે રહેતી એક મહિલાની હત્યા કરી અને તેને અકસ્માત જેવો દેખાડવાના પ્રયાસમાં, તેના મૃતદેહને કોથળામાં ભરીને રેલ્વે ટ્રેક પર ફેંકી દીધો. યુવતીનો મૃતદેહ મળતાં, પોલીસે તેને અકસ્માત તરીકે ઓળખી કાઢ્યો અને ફોટા અને વીડિયો ફેલાવ્યા. એક મહિના પછી, મહિલાના પિતા અને ભાઈએ ફોટો ઓળખી કાઢ્યો અને તેના લિવ-ઈન પાર્ટનર પર હત્યાનો આરોપ લગાવ્યો. ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી ત્યારે, એક ચોંકાવનારો ખુલાસો થયો: પ્રેમીએ તેના બે પુત્રો અને અન્ય એક સાથી સાથે મળીને તેણીનું ગળું દબાવીને હત્યા કરી, તેના મૃતદેહને બોરવેલમાં ભરી દીધો, તેને ટ્રેક્ટર ટ્રોલીમાં ભરી દીધો અને તેને અકસ્માત જેવો દેખાડવા માટે રેલ્વે ટ્રેક પર ફેંકી દીધો. કેસ ઉકેલ્યા પછી, પોલીસે પતિ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી અને તેમને જેલમાં મોકલી દીધા.

ફતેહપુરમાં બનેલા આ ચોંકાવનારા કેસમાં, ૪૫ વર્ષીય એક પુરુષ તેના પાડોશમાં રહેતી તેની ૨૦ વર્ષની ભત્રીજી સાથે પ્રેમમાં પડી ગયો. ગ્રામ્ય પરિષદની બેઠક પછી, તે છોકરીને શહેરમાં લાવ્યો અને રાધાનગરના ભિખારીપુરમાં રહેવા લાગ્યો. જ્યારે છોકરીના પિતાને ઘણા દિવસો સુધી કોઈ ખબર ન પડી, ત્યારે તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી, અને શંકા વ્યક્ત કરી કે તેની હત્યા કરવામાં આવી છે. ફતેહપુર જિલ્લાના થરિયાણવ પોલીસ સ્ટેશન વિસ્તારના ધારુપુર ઔરાઈ ગામના રહેવાસી મહાવીરે ૨૦ જુલાઈના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે તેની પુત્રી પુષ્પા દેવીને ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ તે જ ગામના ગંગાસાગર નામના યુવકે કથિત રીતે લલચાવીને ભગાડી હતી. તે સમયે થરિયાણવ પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, પરંતુ પોલીસે અસરકારક કાર્યવાહી ન કરવાનો આરોપ છે. ત્યારબાદ, પુષ્પા દેવી રાધાનગરના ભિખારીપુર ડિગ્રી કોલેજ પાસે ભાડાના મકાનમાં ગંગાસાગર સાથે રહેવા લાગી. પીડિતાના જણાવ્યા મુજબ, તેની પુત્રી તેની મોટી બહેન શિવ દેવી સાથે સતત ફોન પર સંપર્કમાં હતી. બંનેએ છેલ્લી વાર ૧૬ જૂન, ૨૦૨૬ ના રોજ વાત કરી હતી. ત્યારથી, પુષ્પાનો કોઈ પત્તો નથી. ૧૯ જુલાઈના રોજ, પરિવારને માહિતી મળી કે પૂજા દેવી લગભગ ૧૫ દિવસથી ગુમ છે.

પોલીસે આરોપી પાસેથી એક ટ્રેક્ટર ટ્રોલી અને એક મોટરસાઈકલ મળી. આ કેસ અંગે, પોલીસ અધિક્ષક અભિમન્યુ માંગલિકે જણાવ્યું હતું કે મહાવીર લોધીએ રાધાનગર પોલીસ સ્ટેશનમાં અરજી દાખલ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમની પુખ્ત પુત્રી લગભગ એક વર્ષથી ગંગા સાગર નામના યુવક સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. જોકે, તે છેલ્લા કેટલાક સમયથી તેનો સંપર્ક કરી શક્યો ન હતો. તેને શંકા હતી કે ગંગા સાગરે તેની પુત્રીની હત્યા કરી હતી અને તેનો મૃતદેહ છુપાવી દીધો હતો. રાધાનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો, જેના કારણે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. પુરાવાના આધારે પોલીસ ટીમ દ્વારા વ્યાપક પૂછપરછ દરમિયાન, ગંગા સાગરે ૨૮ જૂને યુવતીની હત્યા કર્યાની કબૂલાત કરી હતી. ઘટનાને અકસ્માત કે આત્મહત્યા જેવો દેખાડવા માટે, તેણે, અન્ય ત્રણ સાથીઓ સાથે, લાશને ટ્રેક્ટર પર મૂકી અને રેલ્વે ટ્રેક પર છોડી દીધી. પોલીસે આરોપી પાસેથી ટ્રેક્ટર ટ્રોલી અને મોટરસાઈકલ જપ્ત કરી છે, અને ચોથા આરોપીની ધરપકડ કરવા માટે એક ટીમ બનાવવામાં આવી છે.

# સંસદ હવે રાજકીય પક્ષો માટે એક અખાડા સમાન

**રાજકારણ**

મોન્સૂન સત્ર શરૂ થઈ ગયું છે અને પાંચ દિવસ પસાર થઈ ચૂક્યા છે. આ દિવસમાં સંસદની સામાન્ય કાર્યવાહી પણ શરૂ થઈ નથી. લોકસભા અને રાજ્યસભામાં ચર્ચાના બદલે હંગામો, બબાલ અને માથાકુટ જોવા મળી રહી છે. ઊભું કરી રહી છે. માગ કરી રહી છે.બીજી તરફ સરકારનું એવું કહેવું છે કે, અમે ચર્ચા માટે તૈયાર છીએ, પણ સમયાંતરે વિપક્ષ ચર્ચાના સમયે હાજર રહેતો નથી. આ માહોલ વચ્ચે સવાલ એ ઊભો થાય છે કે, જ્યારે સંસદ સ્થગિત થાય છે ત્યારે આની કિંમત કોણ ચૂકવે છે? આનો જવાબ દેશના કરોડો કરદાતા સાથે જોડાયેલો છે. સંસદનું સંચાલન માત્ર સાંસદોની હાજરી પૂરતું જ સિમીત હોતું નથી.

## ભારતમાં લોકશાહી છે,અહીં સંસદમાં લોકોના હિત અને સુખાકારી માટેના નિર્ણય લેવાના બદલે રાજકીય પક્ષો અખાડામાં ઉતર્યા હોય તેમ સંસદનો કિંમતી સમય વેડફી રહ્યા છે

સવાલના બદલે સતત નારેબાજી અને કાયદો બનાવવા માટે જે પ્રક્રિયા અનુસરવાની હોય એ સતત બ્રેક થઈ રહી છે.

આ કારણે વારંવાર સદનને સ્થગિત કરવામાં આવે છે. પહેલા જ દિવસે સદનમાં ખાસ કોઈ કાર્યવાહી થઈ નહી, સદન સ્થગિત કરવું પડ્યું હતું ત્રીજા દિવસે પણ કોઈ સામાન્ય કાર્ય પણ પૂર્ણ થયું નહોતું, ત્રીજા દિવસે પણ સદનને સ્થગિત કરવાનો વારો આવ્યો. સરકાર અને વિપક્ષ પોત-પોતાના વલણ પર કાયમ છે.

વિપક્ષ નીટ, વિદ્યાર્થીઓનું આંદોલન, શિક્ષણ મંત્રીનું રાજીનામું તથા અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સરકાર પર દબાણ

આ માટે ખાસ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા, સચિવાલય વ્યવસ્થા, અનુવાદ, રિપોર્ટિંગ, ટેકનિકલ સર્વિસ, પ્રસારણ, કર્મચારીઓની ફાળવણી અને વ્યવસ્થા સાથે જોડાયેલી કેટલીક મહત્ત્વની સેવા પર દૈનિક ધોરણે લાખોની રકમમાં પૈસા ખર્ચાય છે. આ વર્ષે જ બજેટસત્ર દરમિયાન લોકસભાના અધ્યક્ષ જગદંબિકા પાલે સદનમાં જ કહ્યું હતું કે, સંસદીય કાર્યવાહી માટે દર મિનિટે ૨.૫ લાખ રૂપિયા, દર કલાકે ૧.૫ કરોડ રૂપિયા અને એક દિવસમાં આશરે ૯ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. આ જ રકમને આધાર માનીને ગણતરી કરવામાં આવે તો પહેલા પાંચ દિવસમાં આશરે ૪૫ કરોડ રૂપિયાની રકમ થાય છે.

આ ત્રણ દિવસમાં પ્રશ્નોત્તરી કાળ, શૂન્યકાળ અને જરૂરી કામકાજ પણ સામાન્ય રીતે આગળ વધી શક્યું નહીં. એવામાં ચર્ચા માત્ર રાજકીય નથી, સાર્વજનિક રીતે જે રકમ નક્કી થઈ હોય એ સમય કરતા વહેલા ખર્ચાય છે. આનાથી લોકતંત્રની કાર્યક્ષમતા અને જવાબદારી પર સવાલ ઊભા થાય છે. લોકતંત્રમાં વિરોધ એ કોઈ મોટી વાત નથી, ક્યારેક થાય એ પણ જરૂરી હોય છે પણ માત્ર વિરોધથી જ મુદ્દો સતત ચર્ચાય એવું નથી હોતું. સંસદનો હેતુ માત્ર વિરોધ નથી પણ જે તે વિષયનું સચોટ સમાધાન છે.

સંસદની પરંપરા એવું કહે છે કે, સદનને ચાલવા દેવું એ સરકાર અને વિપક્ષ બન્નેની જવાબદારીમાં આવે છે. આ એક સંયુક્ત જવાબદારી છે. સરકાર ચર્ચા માટે માહોલ બનાવે એ જરૂરી છે. જ્યારે વિપક્ષે તાર્કિક વિરોધ સાથે ચર્ચામાં ઊતરવાનું હોય છે. બબાલ કરવા માટે નહીં. હવે જ્યારે બન્ને પક્ષ પોત-પોતાની રીતે અડગ હોય છે તો સૌથી વધારે નુકસાન સમગ્ર પ્રક્રિયા અને સેશનને થાય છે. જ્યારે સંસદ સ્થગિત થાય છે ત્યારે પ્રજાના પૈસા બર્બાદ થાય છે.

સંસદના સંચાલનમાં અનેક એવી વસ્તુઓ પર ખર્ચ થાય છે. માત્ર સાંસદોની સવલત પર જ નહીં. લોકસભા અને રાજ્યસભા સચિવાલયો, હજારો અધિકારીઓ અને કર્મચારીઓના પગાર, સુરક્ષા વ્યવસ્થા, અનુવાદ અને રિર્પોટિંગ સેવાઓ, લાઈવ પ્રસારણ અને આઈટી સિસ્ટમ્સ, વીજળી, જાળવણી અને અન્ય વહીવટી ખર્ચ આ તમામ માટે એક નિશ્ચિત ફંડની ગણતરી કરવામાં આવે તો એ આંકડો કરોડ સુધી પહોંચે છે.

સંસદ ન ચાલે અને ઠપ્પ થઈ જાય તો માત્ર આર્થિક રીતે જ ફટકો પડે એવું નથી. કેટલીક જવાબદારીઓની પણ સીધી અસર ઊભી થાય છે. સરકારને સવાલ નથી પૂછાતા કારણ કે, સદન ઠપ્પ છે. મંત્રાલયની જવાબદારી નક્કી થતી નથી. લાંબા સમયથી પેન્ડિંગ પહેલા કેટલાક વિષયો પર નિર્ણય લેવાતા નથી. જનતા સાથે જોડાયેલા કેટલાક વિષયોના રેકોર્ડ બનતા નથી. જરૂરી જે ચર્ચા હોય છે એમાં વિષયાંતર થઈ જાય છે.

સંસદમાં જે પ્રક્રિયા થાય છે એનો સમય અંદાજવામાં આવે તો લોકસભા અને રાજ્યસભામાં નિર્ધારિત કાર્યવાહીને માન્ય રાખવામાં આવે તો આશરે ૩૬૦ મિનિટ સુધી સદન ચાલે. આ વખતે પ્રથમ ત્રણ દિવસમાં આવું બિલકુલ થયું નહીં. પહેલા દિવસે વિપક્ષે હંગામો કરતા લોકસભા-રાજ્યસભાની કાર્યવાહી વારંવાર રોકવી પડી.

બીજા દિવસે પ્રશ્નોત્તરી કાળ પ્રભાવિત થયો અને ત્રીજા દિવસે શિક્ષણમંત્રીના રાજીનામાનો મુદ્દો વધારે પડઘાયો. આ ત્રણ દિવસમાં પ્રજાને સંબંધિત ખાસ કોઈ પ્રકારની કાર્યવાહી થઈ નહી અને કોઈ રિપોર્ટ પણ બન્યા નહીં. આ દિવસોમાં કોઈ સામાન્ય પ્રક્રિયા પણ થઈ હોય તો મોન્સૂન સત્ર પ્રાથમિક તબક્કામાં ધોવાઈ જાત એવું ન બન્યું હોત.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અઃ | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અઃ | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ભગવાન શિવના મુખ્ય ચરિત્ર અને મા અંબિકા અને ગંગાજીની ઉત્પત્તિ

## બ્રહ્મા,વિષ્ણુ સહિતના પ્રધાન દેવતાઓ પણ શિવનો પરિવાર છે.રુદ્ર સમાન આ દેવતાઓ આ સૃષ્ટિનું સર્જન કરવા સક્ષમ છે

**ધર્મ દર્શન**

ભગવાન શિવ આ જગતમાં સર્વત્ર બિરાજમાન છે.આ સૃષ્ટિમાં જે કંઈ દશ્યમાન થાય છે તે સઘળી પરમાત્માની જ લીલા છે.આ સૃષ્ટિમાં હજારો દેવલોક અને સેંકડો બ્રહ્મલોક છે.ઈશ્વર નિર્મિત લોકની સંખ્યા કે પ્રમાણ કોઈ જાણી શક્યું નથી.ઈશ્વર પોતાની ઈચ્છા પ્રમાણે પ્રાણીઓને માટે જે ઈચ્છે તેનું સર્જન કરે છે.ભગવાન શિવ ભક્તોને આધીન છે અને પ્રાણી માત્રના રક્ષણ કરનાર છે.ઈશ્વરની લીલા,તેમના ચરિત્ર,ઈશ્વરનું સ્થાન જાણવાને માટે કોઈ સમર્થ નથી.ઈશ્વરની કૃપાથી જ ભક્ત તેમને જાણી શકે છે.

પરમપિતા પરમાત્મા શિવ સર્વજ્ઞ અને સર્વત્ર છે, આમ છતાં તેમના પરમ સ્થાન સુધી કોઈ પહોંચી શક્યું નથી.પૂર્વે ઋષિઓ સમક્ષ ભગવાન સનતકુમારે શિવના પરમ સ્થાનનું વર્ણન કરેલું છે. સનતકુમાર કહે છે કે,' અંતર્યામી એવા શિવનું પરમ સ્થાન તેમના પ્રસાદ વગર બ્રહ્માદિક શ્રેષ્ઠ દેવતાઓ પણ જોઈ શકતા નથી.શિવની કૃપા અને અનુગ્રહ વગર તેમના સ્થાનને કોઈ જાણી શક્યું નથી. શિવની પરમ કૃપાથી મેં જે યથામતિ જાણ્યું છે તે કહું છું.કરોડો યોજનમાં શિવનું પરમ સ્થાન છે.આ સ્થાનમાં મહાદેવનું ઉપપીઠ છે કે જેમાં અવિનાશી શિવજી સમાધિસ્થ થઈને બિરાજમાન છે.ભગવાન શિવના નેત્રો શ્યામ,ગૌર કમળ સરખી પ્રભાવાળા છે.

ભગવાન શિવે પોતાના શ્રેષ્ઠ સંકલ્પ,'હું એક, અનેક રૂપે થાઉં' તે વિચારથી પૂર્વે પોતાના ડાબા નેત્રમાંથી સારા વ્રતવાળા,યશયુક્ત મા અંબિકાને ઉત્પન્ન કરેલા છે. તે દેવી અંબિકા શિવના ડાબા પડખે બિરાજે છે,ડાબા પડખે બિરાજેલા માતા અંબિકાનું લોકો દર્શન કરે છે માટે તે વામલોચના કહેવાય છે.શિવજીના જમણા નેત્રમાંથી હર્ષનાં અશ્રુબિંદુની શ્વેતપ્રભા સર્વ લોકમાં ફેલાઈને પાછી ભૂર્લોક, ભુવર્લોકમાં આવી,રહી ને આ પૃથ્વીમાં પ્રાપ્ત થઈ માટે તે ગંગા કહેવાય છે.શિવજીના જમણા નેત્રમાંથી પ્રગટ થયા હોવાથી તે ગંગા કહેવાય છે.ભગવાન શિવનું આ પ્રથમ ચરિત્ર કહેવાય છે.

યોગયુક્ત એવા ભગવાન શિવે કામદેવને બાળીને ભસ્મ કર્યા તે તેમનું બીજું ચરિત્ર છે.બ્રહ્માના શાપિત મસ્તકનું છેદન કર્યું તે તેમનું ત્રીજું ચરિત્ર છે.ભગવાન વિષ્ણુની ઉત્તમ પૂજાથી પ્રસન્ન થઈને ચક્ર આપ્યું તે ચોથું ચરિત્ર છે.દક્ષના યજ્ઞમાં વિરભદ્રની જે ઉત્પત્તિ થઈ તે શંકરનું પાંચમું ચરિત્ર છે.અંધકાસુરના વધ પહેલા તરુણ સૂર્યના તેજ સમાન રુદ્રોના પરિવાર સાથે હિમાલયમાં રહ્યા તે શિવજીનું છઠ્ઠું ચરિત્ર છે.

ભગવાન શિવના આ સિવાય



આઠ પરિવારો છે,આ આઠ રુદ્ર પરિવારો એ મહાત્મા મહાદેવના માનસિક પરિવારો છે.તેમનો વિચાર માત્ર દષ્ટાંતમાં જ થઈ શકે છે, કેમ કે,તે શિવજીના નિત્ય સત્સંકલ્પનું આ સર્વ વિલાસાત્મક જ છે.બ્રહ્મા,વિષ્ણુ સહિતના પ્રધાન દેવતાઓ પણ શિવનો પરિવાર છે.રુદ્ર સમાન આ દેવતાઓ આ સૃષ્ટિનું સર્જન કરવા સક્ષમ છે.'

# ખડસલીયા ગામે ચોક્સ બાતમીના આધારે દરોડો કરી પોલીસે ૬ ખેલીઓને પકડી પાડયા

## જાહેરમાં બાજી મંડી બેઠેલા ૬ શખ્સો રૂ. ૧૮,૪૦૦ની રોકડ સાથે ઝડપાયા

ભાવનગર,તા.૨૫

ઘોઘા પોલીસ સ્ટેશનના સ્ટાફે ગ્રામ્ય વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ખડસલીયા ગામે દરોડો પાડીને જાહેરમાં તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમતા છ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે.

મળતી વિગતો મુજબ, ઘોઘા પોલીસનો સ્ટાફ ગતરાત્રિએ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે ખડસલીયા ગામે આવેલા ચોથી માતાજીના મંદિર પાસે લીમડાના ઝાડ નીચે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે દરોડો પાડીને સ્થળ પરથી ગામના જ રહીશ એવા હકુભા ઉર્ફે ઘુઘુભા ગોહિલ (ઉં.વ. ૪૨), જગદીશસિંહ ગોહિલ (ઉં.વ. ૪૩), વિરમદેવસિંહ ગોહિલ (ઉં.વ. ૩૮), ઘનશ્યામ બારૈયા (ઉં.વ. ૨૨), અરુણ બારૈયા (ઉં.વ. ૩૭) અને કાનજી ચૌહાણ (ઉં.વ. ૨૫)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ઘટના સ્થળેથી ગંજિપત્તા અને રોકડા રૂ. ૧૮,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે ઘોઘા પોલીસે તમામ છ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તળાજામાં ફોનમાં મશગૂલ ટ્રક ચાલકે બાઈક સવાર વૃદ્ધને કચડ્યા, સદનસીબે જીવ બચ્યો

## જેકથી ટ્રક ઉંચો લઈ ટ્રકમાં દબાયેલા વૃધ્ધને બહાર કઢાયા

ભાવનગર,તા.૨૫

તળાજામા શુક્રવારે બપોરના સમયે પેટ્રોલ વહન કરતા ટ્રક ચાલકે વૃદ્ધ બાઇક ચાલકને હડફેટે લીધાહતા.જેને લઈ બાઈક સાથે વૃદ્ધ ટ્રકનીચે ફસાઈ જતા પહેલા તો અફવા ઉડી હતી કે ફસાઈ ગયેલા વ્યક્તિનું મૃત્યુ થયેલ છે. સ્થળ ઉપર લોકોના ટોળા એકઠા થયા હતા.પરંતુ ટ્રક નીચે જોતા વૃદ્ધનો પગ ફસાઈ ગયેલ હોઈ સહી સલામત રીતે બહાર કાઢવામા સફળતા મળી હતી.

તળાજામાં સદવિચાર જનરલ હોસ્પિટલ સામેના માર્ગ પર શુક્રવારે બાઈક અને ટ્રકનો અકસ્માત થયેલ.બાઈક ચાલક મહેંદીભાઈએ જણાવ્યું હતુ કે બાઈક સાઈડમાં ઉભા રહી ગયેલા. પરંતુ ટ્રક ચાલક મોબાઈલમા વાત કરતો હોય અહી વળાંક વાળતા ધ્યાન ન રહેતા વૃદ્ધને બાઈક સાથે હડફેટે લેતા ટ્રક નીચે બાઇક સાથે ફસાઈ ગયા હતા.સ્થિતિ એવી નિર્માણ પામી હતી કે ટ્રક એક ફૂટ પણ આગળ પાછળ કરેતો વૃદ્ધને ગંભીર ઈજા પહોંચે તેમ હતી. આથી જેક દ્વારા ટ્રક ઉંચો કરીને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સ્થળપર લોકોના ટોળા ઉમટયા હતા.સૌના મોઢે ચમત્કારિક બચાવ થયાના શબ્દો હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### શહેરમાં અલગ અલગ ત્રણ સ્થળોએ વૃક્ષો ધરાશાય

ભાવનગર,તા.૨૫

ભાવનગર શહેરમાં વરસાદના પગલે શહેરના અલગ અલગ ત્રણ સ્થળોએ વૃક્ષો ધરાશાય થયા હતા.જેમાં આતાભાઈ ચોક પાસે, રોટરી ક્લબની પાછળ તેમજ જીઈસી કોલેજ પાસે વૃક્ષ પડી ગયા હતા.આ બનાવના પગલે ફાયર બ્રિગેડ સ્ટાફે સ્થળ પર દોડી જઈ પડી ગયેલા વૃક્ષ હટાવી રસ્તા ખુલ્લા કર્યા હતા. બે દિવસમા કુલ નવ વૃક્ષ ધરાશાય થયા છે.

### અલંગ શીપયાર્ડના વર્કિંગ પ્લોટમાંથી ગેસ કટરની ચોરી

ભાવનગર,તા.૨૫

ભાવનગરના અલંગ મરીન પોલીસ સ્ટેશન હેઠળના શીપયાર્ડ પ્લોટ નં. ૮૪-ડી સામે આવેલ વકીંગ પ્લોટમાંથી ચોરીનો બનાવ સામે આવ્યો છે. રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમ પાઈપ લાઈન સાથે જોડેલ રૂ. ૧૯,૬૦૦ની કિંમતના ૨૮ નંગ ગેસ કટર ચોરી કરી ફરાર થઈ ગયો હતો. મેનેજર યુવરાજસિંહ ગોહિલની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### નીટ પેપર લીકના મામલે સાંજે કોંગ્રેસની કેન્ડલ માર્ચ

ભાવનગર,તા.૨૫

. ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે શનિવારે સાંજે ૭ કલાકે શહેરના જશોનાથ સર્કલ ખાતે નીટ, સીબીએસઇ પેપર લીકના વિરોધમાં કેન્ડ માર્ચનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના તમામ કાર્યકરો અને આગેવાનોને જોડાવવા માટે શહેર પ્રમુખે જણાવેલ છે.

### તળાજાના શખ્સને છ માસની સાદી કેદ

ભાવનગર,તા.૨૫

તળાજાના દિનદયાળનગર, ઉંમર મસ્જિદની પાછળનો વિસ્તાર, ખારમાં રહેતો હારૂન અલીમહંમદભાઈ લોધા નામના શખ્સ સામે સમર્પણ ક્રેડીટ કો. ઓ. સોસાયટી લિ.ના ડિરેક્ટર વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજાએ તેમના વકીલ મારફત ભાવનગરના પાંચમાં એડી. ચીફ જ્યુડી. મેજિ. (સ્પે. નેગો કોર્ટ) જે.પી. પ્રજાપતિની કોર્ટમાં ચેક બાઉન્સ અંગે કેસ દાખલ કરાવ્યો હતો. જેમાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી છ માસ સાદી કેદની સજા,ચેકની રકમ રૂા.૧,૯૦,૯૭૦ દંડ પેટે જમા કરાવવા અને તે રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કરેલ છે.

# શહેરમાં કાલે યોજાશે સિંધી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ

ભાવનગર,તા.૨૫

સિંધી જનરલ પંચાયત ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત વિધાર્થી ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત સિંધી સમાજના ધોરણ ૧ થી ૮ ના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ તથા સન્માન સમારોહ ૨૦૨૬ આવતીકાલે તા.૨૬ને રવિવારના રોજ , યશવંતરાય નાટ્યગૃહ (A.C. Hall), મહિલા કોલેજ સર્કલ, ભાવનગર ખાતે સવારે ૯-૩૦ કલાકે યોજાશે

આ કાર્યક્રમમાં સમારોહના અધ્યક્ષ સ્થાને ભાવનગર મહાનગરપાલિકાના મેયર ઉષાબેન તલરેજા ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાન તરીકે રાજ્ય મંત્રી , કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કિશનભાઇ મહેતા, નગરસેવક મનીષ આડવાણી ,પૂર્વ મંત્રી વિભાવરીબેન દવે,તેમજ સિંધી સમાજના શ્રેષ્ઠીઓ, તબીબો અને મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કરશે.આ સમારોહમાં સિંધી સમાજના ધોરણ ૧ થી ૮ માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો, સ્મૃતિ ચિન્હ અને શૈક્ષણિક કિટ આપી સન્માનિત કરવામાં આવશે.

સિંધી જનરલ પંચાયતના પ્રમુખ કનુભાઈ છગનાણી, વિધાર્થી ઉત્કર્ષ સમિતિના ચેરમેન દિલીપભાઈ જોબનપુત્રા તથા મહામંત્રી ભરત વાધવાણી દ્વારા ભાવનગરના સમસ્ત સિંધી સમાજના ભાઈઓ-બહેનો તથા વાલીઓને આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભૂલકાંઓનો ઉત્સાહ વધારવા જણાવાયું છે.

# નાની બાળાઓના મોળાક્ત વ્રતનો ઉત્સાહભેર પ્રારંભ

## શણગાર સજી જુવારા સાથે શિવમંદિરોમાં પહોંચી વ્રતનું પૂજન કર્યું

ભાવનગર,તા.૨૫

વ્રતનો માસ ગણાતા અષાઢ માસમાં આજે દેવશયની એકાદશીના દિવસ સાથે નાની બાળાઓના મોળાકત (ગૌરીવ્રત)નો વ્રતનો પ્રારંભ થાય છે. બાળાઓ આજથી અષાઢી પૂર્ણિમા પાંચ દિવસ સુધી મીઠા વગરનું ભોજન લઈને વ્રત કરશે.અને ગુરૂપુર્ણિમાના દિવસે વ્રતધારી બાળાઓ રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરી વ્રતનું સમાપન કરશે.



તસવીર : ધવલ વાજા

હિન્દૂ સમાજમાં ભારતીય સંસ્કૃતી હજુ જળવાઈ રહી છે. તેનું એક ઉત્તમ ઉદાહરણ આજથી શરુ થયેલા નાની બાળાઓના મોળાક્ત વ્રત છે. આજથી શરુ થયેલા મોળાક્ત વ્રત માટે બાળાઓએ અગાઉથી તૈયારીઓ કરી હતી આજે સવારે નાનકડી બાળકીઓ પરીઓની માફક નવા વસ્ત્રો ધારણ કરીને આકર્ષક શણગાર સજી હાથમાં પૂજાની થાળી અને જુવારા સાથે માતા અથવા પરિવારના વડીલો સાથે શિવ મંદિરે પહોંચી હતી અને ત્યાં પૂજન કરીને ઉત્સાહભેર વ્રતનો પ્રારંભ કર્યો હતો. બાળાઓએ શિવાલયોના પ્રાંગણમાંગોરમા રે ગોરમા, કંથ દેજો કહ્યાગરો, ભાવ ધરીને અમે પૂજશુ, તમે મારી ગોરમાના ગાન સાથે ગૌરીશંકરની પૂજા અર્ચના કરી હતી. આમ પાંચ દિવસ સુધી બાળાઓ મોળુંખાઈને વ્રત કરશે અને પાંચ દિવસ બાદ જુવારાઓનું જળાશયોમાં વિધિવત રીતે વિસર્જન કરાશે. મોળાકતના તહેવારને લઈને કુમારિકાઓમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે.આજે સવારથી શહેરના વિવિધ શિવ મંદિરોમાં નાની બાળાઓને મોળાક્ત વ્રતનું પૂજન કરાવાયું હતું જ્યાં લગભગ દરેક વિસ્તારના શિવ મંદિરોમાં મોટી સંખ્યામાં બાળાઓ પોતાના માતા અથવા વડીલો સાથે આવીને પૂજન કર્યું હતું.

# સરકારી ટેન્ડર અપાવવાના નામે કન્ટેનર ઉદ્યોગપતિ સાથે રૂ. ૪૦ લાખની છેતરપિંડી

**ભાવનગર,તા.૨૫** નવાગામ (ચિરોડા) ખાતે 'એ.પી.પી.એલ. કન્ટેનર લિમિટેડ' ધરાવતા વલ્લભભાઈ વિરડીયા સાથે હૈદરાબાદ સ્થિત 'એમ/એસ કેટાલિસ્ટિક કન્સલ્ટન્સી'ના સંચાલકોએ રૂ. ૪૦લાખની ઠગાઈ આચરી છે. આરોપી પ્રવીણ દિક્ષિત અને મનીષ નામના શખ્સોએ નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનનુંસરકારી ટેન્ડર અપાવવાની ખાતરી આપી નોટરી કરાર કર્યા હતા. સર્વિસ ડિપોઝિટ પેટે રૂ. ૪૦ લાખ આંગડિયા મારફતે મેળવ્યા બાદ ટેન્ડર મંજૂર થયું ન હતું. વલ્લભભાઈએ રકમ પરત માંગતા બંને શખ્સોએ ગોળગોળ જવાબો આપી ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**
**વિવિધ સેક્શનો ખાતે કાટવાળા એન્ટી ક્રિપનું બદલીકરણ**
**ટેન્ડર નં. ૦૮-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭-R૧**
ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામઃ** રાજકોટ-સોમનાથ અને જેતલસર-વાંસજાળીયા સેક્શનોઃ કાટવાળા એન્ટી ક્રિપનું બદલીકરણ. **ટેન્ડર રકમઃ** ₹ ૯૩,૫૪,૧૫૧.૫૮/- **ટેન્ડર ફીઃ** શૂન્ય, **ઈએમડી રકમઃ** ₹ ૧,૮૭,૧૦૦/- **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર લીંક એટલે કે www.ireps.gov.in મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવિલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી **તારીખઃ ૧૭-૦૮-૨૦૨૬ ના ૧૫ઃ૦૦ કલાક** સુધી છે. BVP-088
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૧૫/૨૦૨૬**
**જન્મ તા.૨૧/૦૮/૨૦૦૮**

**શ્રી સોનલબેન ભગવાનભાઇ મકવાણા,**
**રહે.ભડી, તા.જી.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**ભડી ગ્રામ પંચાયત કચેરી, મુ. ભડી, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોનલબેન ભગવાનભાઈ મકવાણા રહે. ભડી, તા.જી.ભાવનગરએ પોતાના પુત્રી શ્રી આરતીબેન ભગવાનભાઈ મકવાણાનો જન્મ તા.૨૧/૦૮/૨૦૦૮ના રોજ ભડી મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૪૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૮/૦૬/૧૯૬૭**

**શ્રી રહીમભાઇ મહંમદભાઇ સૈયદ,**
**રહે. ઇદગાહ મસ્જીદ પાસે, નવાપરા,**
**ભાવનગર. મો.નં. ૯૩૨૮૬૪૮૬૬૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રહીમભાઇ મહમદભાઇ સૈયદએ તેમનો જન્મ તા.૧૮/૬/૧૯૬૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૪/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૩૬/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૨/૦૪/૧૯૬૨**

**શ્રી અજીજભાઇ મહમદભાઇ સૈયદ,**
**રહે. ઇદગાહ મસ્જીદની અંદર, નવાપરા,**
**ભાવનગર. મો.નં. ૯૯૯૮૦૯૭૬૭૬**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અજીજ મહમદભાઇ સૈયદએ તેમનો જન્મ તા.૨૨/૪/૧૯૬૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૧૭/૨૦૨૬**
**જન્મ તા.૦૧/૦૭/૨૦૦૮**

**શ્રી હરેશભાઈ સોંડાભાઇ મેર,**
**રહે.ધનશ્યામ પરા, પાણીની ટાંકા પાસે, માલણકા, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**ભડભડીયા ગ્રામ પંચાયત કચેરી, મુ. ભડભડીયા, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હરેશભાઇ સોંડાભાઇ મેર રહે.ધનશ્યામ પરા, પાણીની ટાંકા પાસે, માલણકા, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્રી શ્રી રીકલબેન હરેશભાઈ મેરનો જન્મ તા.૦૧/૦૭/૨૦૦૮ના રોજ ભડભડીયા મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૦૫/૨૦૨૬**
**મરણ તા.૦૯/૧૦/૨૦૦૪**

**શ્રી વીનેશભાઇ જેઠાભાઇ મારૂ,**
**રહે.વણકર વાસ, કમળેજ, ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી કમળેજ,**
**ગ્રામ પંચાયત કચેરી,મુ.કમળેજ,તા.જી,ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મુત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વીનેશભાઈ જેઠાભાઈ મારૂ, રહે.વણકર વાસ, કમળેજ, ભાવનગર તેમના બહેન શ્રી કમળાબેન જેઠાભાઈ મારૂનું મરણ તા.૦૯/૧૦/૨૦૦૪ રોજ કમળેજ મુકામે થયેલ છે, તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**ઇ-ટેન્ડરીગ જાહેર નિવિદા નં.૩ સને ૨૦૨૬-૨૦૨૭**
(ઓનલાઈન ટેન્ડર)
માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)
ગુજરાત સરકાર

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, વિદ્યુત મા અને મ પેટા વિભાગ, સરકારી હાઇસ્કુલની પાછળ, રેલવે અન્ડરપાસ ની બાજુમાં, સારંગપુર રોડ, બોટાદ- ૩૬૪૭૧૦ દ્વારા વિજળીકરણને લગતા ૦૩ (ત્રણ) કામની અંદાજીત કિંમત રૂ. ૨૧૪૯૧૪.૧૧ થી ૮૬૦૯૧૮.૯૫ છે.

જેના ભાવો ઓનલાઇન યોગ્યશ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજોનો વેબ-સાઇટ https://tender.nprocure.com ઉપર ૦૧ (એક) કામ તા. ૩૧/૦૭/૨૦૨૬ ના અને ૦૨ (બે) કામ તા. ૦૭/૦૮/૨૦૨૬ ના ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ /અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓન-લાઇન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઇટ જોવા વિનંતી.

માહિતી-ભાવ-૪૪૯-૨૬

**ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૫/૨૦૨૬-૨૭**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯-૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| એમએમજીએસવાય | ૧ કામ | ૩૬ લાખ |

આ કામના ટેન્ડરોhttps://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૦૬/૦૮/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય | તા.૦૭/૦૮/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૪૫૦-૨૦૨૬

**બરવાળા નગરપાલિકા બરવાળા**
**ટેન્ડર નોટીસ(૨૦૨૬-૨૭)**
**ઓનલાઈન ટેન્ડર**

આથી બરવાળા નગરપાલિકા તરફથી ઓનલાઈન ટેન્ડર સરકારશ્રીની ગ્રાન્ટ/સ્વભંડોળ માંથી મંજુર થયેલ કામો માટે યોગ્ય અનુભવી ઈજારદારો(ગવર્નમેન્ટ રજીસ્ટર કોન્ટ્રકટર) પાસેથી મંગાવવામાં આવે છે.

આ કામોનાં ઓનલાઈન ટેન્ડર http://www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન તથા ઓફલાઈન ટેન્ડર બરવાળા નગરપાલિકા કચેરીના સમયગાળામાં મેળવી લેવાના રહેશે. આ કામોના ટેન્ડર તા.૩૧/૦૭/૨૦૨૬ થી તા.૨૦/૦૮/૨૦૨૬ સુધી ભરવાના રહેશે. ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ નગરપાલિકા કચેરીને તા.૨૬/૦૮/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી મળી રહે તે રીતે મોકલવાના રહેશે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત રકમ રૂા. | ફી |
|---|---|---|---|
| | **ઓનલાઈન** | | |
| ૧ | બરવાળા નગરપાલિકા વોટરસપ્લાય વિભાગ માટે માલસામાન તથા ફીટીંગ કરવા સાથેના વાર્ષિક ભાવ સાથેનું કામ.(બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૨ | ANNUAL RATE CONTRACT FOR MISCELLANEOUS WORK FOR CIVIL DEPARTMENT (YEAR:2026-27)UNDER GOVERNMENT GRANT/SWABHANDOL. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૩ | બરવાળા નગરપાલિકા દ્વારા સંભાળવામાં આવતી સ્ટ્રીટલાઈટ રીપેરીંગ તથા માલસામાન સપ્લાય કરવાનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૪ | બરવાળા નગરપાલિકાની જરૂરિયાત મુજબની સ્ટેશનરી/આઈટમો પૂરી પાડવાનો વાર્ષિક કોન્ટ્રાકટ આપવાનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૫ | બરવાળા નગરપાલિકા ખાતે વાહનભાડાનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૬ | બરવાળા નગરપાલિકા ખાતે વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફીનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૭ | બરવાળા નગરપાલિકા ખાતે ઝેરોક્ષ તથા લેમીનેશનનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૮. | બરવાળા નગરપાલિકા ખાતે કોમ્પ્યુટર હાર્ડવેર માલસામાન સપ્લાય તેમજ કોમ્પ્યુટર હાર્ડવેર, પ્રિન્ટર વગેરે મેન્ટેનન્સનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૯ | બરવાળા નગરપાલિકાના જુદા-જુદા પત્રકો, પહોંચો, રજીસ્ટર, વિ.પ્રિન્ટીંગ તથા વિવિધ સાઈઝના બેનરો છાપી આપવાનો વાર્ષિક કોન્ટ્રકટ આપવાનું કામ. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૧૦ | ANNUAL RATE CONTRACT FOR BACKHOE LOADER, EXCAVATOR AND TRACTOR TROLLEY FOR BARVALA NAGARPALIKA. (બીજો પ્રયત્ન) | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૧૧ | બરવાળા નગરપાલિકા માટે મેનહોલ તથા હાઉસ ચેમ્બરના ફ્રેમ અને કવર ખરીદવાનું કામ. | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૧૫૦૦.૦૦ EMD- ૧૦૦૦૦.૦૦ |
| ૧૨ | Operation And Maintenance work Of Underground Drainage Work For Sewerage Pumping Station 2.9 MLd Barvala Town | વાર્ષિક ભાવ ટેન્ડર | ટેન્ડર ફી- ૨૪૦૦.૦૦ EMD- ૧૦૦૦૦૦.૦૦ |

ફીઝીકલ ડોક્યુમેન્ટ ઓપન કરવાની સંભવિત તારીખ:-૨૭/૦૮/૨૦૨૬ (ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અગત્યના ડોક્યુમેન્ટ નગરપાલિકા કચેરી, બરવાળાને આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/પોસ્ટથી ઉપરોક્ત તારીખ સુધી મોકલવાના રહેશે). કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અબાધિત અધિકાર નગરપાલિકાનો રહેશે. કામ અંગેની માન્ય શરતો તથા વિગતો નગરપાલિકા ઓફિસેથી મળશે. વધુમાં ટેન્ડર ઉપર કામનું નામ અવશ્ય લખવું.

**માહિતી-ભાવ-૪૫૩-૨૬**

બરવાળા નગરપાલિકા

# પેપર લીકની ઘટના રોકવા સરકાર એક્શન મોડમાં આવી

## નૅશનલ ટેસ્ટિંગ એજન્સીના માળખામાં થશે ધરમૂળથી ફેરફાર : ૪૭ અધિકારીઓને બરતરફ કર્યા બાદ હજુ વધુ કડક કાર્યવાહી થશે

નવી દિલ્હી,

નીટની પરીક્ષાનું પેપર લીક થતા દેશભરમાં જે હંગામો થયો એ કિસ્સામાં હવે એક મોટું એક્શન લેવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે સમગ્ર મુદ્દાને ગંભીરતાથી લઈને એક મોટો નિર્ણય કર્યો છે. જેમાં એક-બે નહી પૂરા ૪૭ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આમાંથી કેટલાક અધિકારીઓ સામે કાયદેસરની અને ક્રિમિનલ એક્ટ અંતર્ગત કાર્યવાહી પણ કરાશે. આ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને હવે નીટ પેપર બોર્ડના માળખામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. આ માટે એક ખાસ વ્યક્તિને જવાબદારી સોંપવામાં આવી છે.

નીટ પેપર લીક પર થયેલી બબાલના માહોલ વચ્ચે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સિ (એનટીએ) માં મોટા સ્તરે ફેરફારની તૈયાર તરફ પગલાં લેવાઈ રહ્યા છે. નેશનલ ટેસ્ટીંગ એન્જસીના ૪૭ અધિકારીઓને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આમાંના કેટલાક અધિકારીઓ સામે કાનૂની અને ફોજદારી કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે. વધુ સુધારાના પગલાં લેવામાં આવશે. આ દ્ધછ ના વ્યાપક પુનર્ગઠનનો એક ભાગ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર એજન્સીના માળખામાં વ્યાપક ફેરફાર કરવા માટે તૈયાર છે. દ્ધછ આગામી મહિનાની અંદર પુનર્ગઠનમાંથી પસાર થાય તેવી શક્યતા છે, જેમાં તેની કાર્યકારી અને વહીવટી પ્રણાલીઓમાં નોંધપાત્ર ફેરફારોનો સમાવેશ થાય છે.

એંધાણ એવા પણ વર્તાય રહ્યા છે કે, આઉટર્સોસિંગ એજન્સી માટેની વ્યવસ્થામાં પણ ફેરફાર થશે. એજન્સીની આઉટર્સોસિંગ વ્યવસ્થામાં પણ મોટો ફેરફાર કરવામાં આવશે. પરીક્ષાઓ અને અન્ય પ્રક્રિયાઓ યોજવા માટેના હાલના મોડેલની સમીક્ષા કરવામાં આવી રહી છે અને નિષ્ણાતોની એક નવી સમિતિની ભલામણોના આધારે એક નવી સિસ્ટમ લાગુ કરવામાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય એક એવી લીક-પ્રૂફ એક્ઝામ સિસ્ટમ સ્થાપિત કરવાનો છે જે પ્રશ્નપત્ર લીક જેવી ઘટનાઓને સંપૂર્ણપણે અટકાવે અને રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓની પારદર્શિતા અને વિશ્વસનીયતાને મજબૂત બનાવે.દ્ધછ વાર્ષિક આશરે ૧૫ થી ૨૦ રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષાઓનું આયોજન કરે છે, જેમાં JEE, NEET અને CUETનો સમાવેશ થાય છે. પેપર લીક અંગેના તાજેતરના વિવાદોને પગલે, એજન્સીની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા હતા, જેના કારણે વ્યાપક સુધારા પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અગાઉ, NEET પેપર લીક પર વ્યાપક વિરોધ વચ્ચે, કેન્દ્રએ શિક્ષણ મંત્રાલયમાં એક ટોચના અમલદારને બદલી નાખ્યા હતા.

# ભારતીય સેનાને આગામી પેઢીની વાહન-માઉન્ટેડ કાઉન્ટર-સ્વોર્મ ડ્રોન સિસ્ટમ મળી

## ભાર્ગવસ્ત્રથી ભારતીય સેના થઈ વધુ આધુનિક અને શક્તિશાળી

નવી દિલ્હી,

સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડ (જીઢછન) એ ભાર્ગવસ્ત્રનું પ્રદર્શન કર્યું છે, જે એક સ્વદેશી, વાહન-માઉન્ટેડ, બહુ-સ્તરીય કાઉન્ટર-સ્વોર્મ ડ્રોન સિસ્ટમ છે જે શસ્ત્રયુક્ત ડ્રોન, ફરતા દારૂગોળા અને સ્વાયત્ત ડ્રોન ટોળાના વધતા ખતરા સામે સસ્તું અને અસરકારક રક્ષણ પૂરું પાડવા માટે રચાયેલ છે.

ભારતમાં સંપૂર્ણપણે વિકસિત, ભાર્ગવસ્ત્ર બહુવિધ હવાઈ ધમકીઓને શોધવા, ટ્રેક કરવા અને તટસ્થ કરવા માટે રચાયેલ છે, જે આધુનિક યુદ્ધભૂમિની જરૂરિયાતો માટે ખર્ચ-અસરકારક ઉકેલ પ્રદાન કરે છે. આ સિસ્ટમ ડ્રોન યુદ્ધનો સામનો કરવા પર વધતા ધ્યાનને પ્રતિબિંબિત કરે છે કારણ કે માનવરહિત હવાઈ સિસ્ટમો વિશ્વભરમાં લશ્કરી કામગીરીનો મુખ્ય ઘટક બની રહી છે.

આ ડ્રોન સિસ્ટમ્સનું મહત્વ

આવી સિસ્ટમની જરૂરિયાત તાજેતરના સંઘર્ષોમાં સ્પષ્ટ થઈ છે, જેમાં અઝરબૈજાન અને આર્મેનિયા, રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષો અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો સમાવેશ થાય છે, જ્યાં ડ્રોન અભૂતપૂર્વ સ્કેલ પર તૈનાત કરવામાં આવ્યા છે. સક્રિય લડાઈમાં વાર્ષિક ધોરણે અંદાજિત ૧૦૦,૦૦૦ ડ્રોનનો ઉપયોગ થાય છે, લશ્કરો વધુને વધુ ખર્ચાળ સપાટીથી હવા મિસાઈલોના આર્થિક વિકલ્પો શોધી રહ્યા છે. ભાર્ગવસ્ત્રનો ઉદ્દેશ્ય ભારતના સંરક્ષણ દળો માટે સ્વદેશી અને સસ્તું કાઉન્ટર-ડ્રોન ક્ષમતા પ્રદાન કરીને આ અંતરને દૂર કરવાનો છે.

આ ઉભરતા પડકારને ઘણા વર્ષો પહેલા ઓળખીને, જીઢછન એ ભાર્ગવસ્ત્રનો વિકાસ એક ખર્ચ-અસરકારક હાર્ડ-કિલ સોલ્યુશન તરીકે શરૂ કર્યો હતો જે વ્યક્તિગત ડ્રોન અને મોટા સ્વાયત્ત ટોળા બંનેને હરાવવા સક્ષમ છે.

# ઈઝરાયલમાં ભારતીય નાગરિકની હત્યા રૂમમાં લોહીના ખાબોચિયામાં મૃતદેહ મળ્યો

## મૃતક અને હત્યારાની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી

જેરુસલેમ,

ઈઝરાયલના જેરુસલેમમાં એક ભારતીય નાગરિકની હત્યાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટના બાદ, પોલીસે એક શંકાસ્પદની ધરપકડ કરી છે. ભારતીય નાગરિક એક રૂમમાં લોહીના છાંટા સાથે મૃત હાલતમાં મળી આવ્યો હોવાના અહેવાલ છે. પોલીસ કહે છે કે હાલમાં શંકાસ્પદની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે, મૃતક અને હત્યારાની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

પોલીસે અહેવાલ આપ્યો છે કે જેરુસલેમમાં એક ભારતીય વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. આ ઘટનાના સંદર્ભમાં ૩૧ વર્ષીય ઈઝરાયલી નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલ અનુસાર, ગુરુવારે જેરુસલેમના કાટામોન વિસ્તારમાં ૪૦ વર્ષીય ભારતીય વ્યક્તિ મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા એક ઘરમાં ફ્લોર પર પડેલી હતી અને તેની આસપાસ લોહી હતું.

ઈઝરાયલી પોલીસ પ્રવક્તાના એકમે ઈમેઈલ દ્વારા મોકલેલા પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, "જેરુસલેમના કાટામોન વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં ૪૦ વર્ષીય ભારતીય નાગરિકના મૃત્યુ અંગે એક અહેવાલ મળ્યો હતો. આ પછી, મોરિયા પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા અને ફોરેન્સિક તપાસકર્તાઓ સાથે પ્રાથમિક તપાસ શરૂ કરી." પોલીસે ઉમેર્યું, "ઘટનાસ્થળે પ્રાથમિક તપાસ દર્શાવે છે કે આ ઘટના ગુનાહિત પ્રકૃતિની છે."

# સામાન્ય સંબંધો માટે સરહદ પર શાંતિ એ પહેલી અને સૌથી આવશ્યક શરતઃ જયશંકર

## ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

મનીલા,

ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક થઈ. આ દરમિયાન વાંગ યીએ કહ્યું કે ભારત અને ચીને એકબીજાને 'ભાગીદારો તરીકે, હરીફ નહીં' અને 'તકો તરીકે, ખતરા તરીકે' જોવું જોઈએ. તેમણે કહ્યું કે કાઝાન અને તિયાનજિનમાં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા, બહુપક્ષીય મંચો પર સંકલન વધારવા અને વેપાર અને અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂક્યો.

ચીનના વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, વાંગ યીએ કહ્યું કે કાઝાન અને તિયાનજિનમાં ચીનના રાષ્ટ્રપતિ



શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની બેઠકોએ ભારત-ચીન સંબંધોને સુધારણા અને વિકાસ માટે યોગ્ય દિશા આપી છે. તેમણે કહ્યું,

"ભારત અને ચીન ભાગીદાર છે, હરીફ નથી. બંને દેશો તકોનું પ્રતિનિધિત્વ કરે છે, ખતરો નથી. બંને દેશો વચ્ચે સંસ્થાકીય વાતચીત ફરી શરૂ થઈ છે, સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવામાં આવી છે, અને દ્વિપક્ષીય વેપાર નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે. આ સિદ્ધિઓ સરળતાથી પ્રાપ્ત થઈ નથી અને તેને જાળવી રાખવી જોઈએ."

વાંગ યીએ ભારત અને ચીનને ઉભરતી અર્થવ્યવસ્થાઓ અને ગ્લોબલ સાઉથના મહત્વપૂર્ણ દેશોના પ્રતિનિધિઓ તરીકે વર્ણવતા કહ્યું કે બંને દેશોએ તેમના લોકોના કલ્યાણને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે કહ્યું કે બંને દેશોએ મુખ્ય વિશ્વ શક્તિઓ તરીકે તેમની જવાબદારીઓ નિભાવવી જોઈએ, દ્વિપક્ષીય સંબંધોની સકારાત્મક ગતિ જાળવી રાખવી જોઈએ, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક બાબતોમાં સંકલન વધારવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થા અને લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવામાં સકારાત્મક યોગદાન આપવું જોઈએ.

વાંગ યીએ કહ્યું કે ચીન વડા પ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી સર્વસંમતિને અમલમાં મૂકવા માટે ભારત સાથે કામ કરવા તૈયાર છે. બ્રિક્સનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ચીન અને ભારત આગામી બે વર્ષ માટે જૂથની અધ્યક્ષતા કરશે.

# બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને પોતાના પદ પરથી રાજીનામું આપ્યું

ઢાકા,

બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને, જે પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીનાના ભૂતપૂર્વ સાથી હતા, તેમણે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનો હવાલો આપીને રાજીનામું આપી દીધું છે, એમ તેમના કાર્યાલયે શુક્રવારે જણાવ્યું હતું.

૭૬ વર્ષીય શહાબુદ્દીન એપ્રિલ ૨૦૨૩ થી રાષ્ટ્રપતિનું મોટાભાગે ઔપચારિક પદ સંભાળી રહ્યા છે, આ સમયગાળામાં ૨૦૨૪ માં તેમના શાસન સામે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા બળવા બાદ હસીનાના ભારત જવાના અસ્થિર મહિનાઓનો સમાવેશ થતો હતો.

"તાજેતરના તબીબી તપાસમાં મને ઓટોનોમિક ન્યુરોપથી તરીકે ઓળખાતી સ્થિતિ હોવાનું નિદાન થયું છે. આ સ્થિતિને કારણે, હું ક્યારેક ક્યારેક ક્ષણિક બેભાનતાનો અનુભવ કરું છું," શહાબુદ્દીને તેમના પ્રેસ સેક્રેટરી દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવ્યું હતું.

શહાબુદ્દીનના રાજીનામાથી હસીનાના આયોજિત પરત ફરવાના પાંચ મહિના પહેલા ઉચ્ચ પદ પર કોઈ સાથી નહીં રહે. તેમની અવામી લીગ પાર્ટી પર પ્રતિબંધ છે, અને ૨૦૨૪ માં વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા જીવલેણ બળવાથી તેમની સરકાર ઉથલાવી દેવામાં આવી ત્યારથી તેના ઘણા નેતાઓ અને કાર્યકરો જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે અથવા છુપાઈ ગયા છે.

જાતિય સંસદ, રાષ્ટ્રીય સંસદના સ્પીકર, નવા રાષ્ટ્રપતિની પસંદગી થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિની ફરજો બજાવશે, એમ નિવેદનમાં જણાવાયું છે.

રાજયના વડા તરીકે, શહાબુદ્દીન સશસ્ત્ર દળોના કમાન્ડર-ઈન-ચીફ છે, પરંતુ ૧૭૩ મિલિયન લોકોની વસ્તી ધરાવતા મુસ્લિમ દેશના વડા પ્રધાન અને મંત્રીમંડળ પાસે કાર્યકારી સત્તા છે.

# જહાજો અને કાર્ગોને થયેલા નુકસાનની ભરપાઈ ઈરાનના સ્થિર ભંડોળમાંથી કરવામાં આવશે : ટ્રમ્પ

વોશિંગ્ટન,

મધ્ય પૂર્વ યુદ્ધની જ્વાળાઓમાં ફસાઈ ગયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થઈ ગયો છે, અને બંને દેશો સતત એકબીજાના ઠેકાણાઓ પર હુમલો કરી રહ્યા છે. અમેરિકાએ ઈરાનના અનેક વિસ્તારોમાં લશ્કરી માળખાને નિશાન બનાવ્યું છે, જ્યારે ઈરાને પણ મધ્ય પૂર્વના અનેક દેશોમાં યુએસ ઠેકાણાઓ પર હુમલો કર્યો છે.ટ્રમ્પે જણાવ્યું છે કે જહાજો, કાર્ગો અથવા અન્ય વસ્તુઓને થયેલા કોઈપણ નુકસાનની ભરપાઈ ઈરાનના સ્થિર ભંડોળમાંથી કરવામાં આવશે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "કૃપા કરીને આ નિવેદનને આગામી સૂચના સુધી સત્તાવાર ગણોઃ હવેથી, જહાજો, કાર્ગો અથવા તેમની સાથે સંબંધિત કોઈપણ વસ્તુને કોઈપણ નુકસાનની ભરપાઈ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા રાખવામાં આવેલા અને નિયંત્રિત ઈરાની ભંડોળમાંથી કરવામાં આવશે. આ નુકસાન નોંધપાત્ર હોઈ શકે છે, પરંતુ તેમ છતાં તે યોગ્ય અને ન્યાયી બાબત છે. આ બાબત પર તમારા ધ્યાન બદલ આભાર!"

એ નોંધવું જોઈએ કે ઈરાન અને તેના સાથીઓ લાંબા સમયથી હોર્મુઝ સ્ટ્રેટ અને લાલ સમુદ્રમાં તેલ ટેક્રરો, શિપિંગ જહાજો અને અન્ય જહાજોને નિશાન બનાવી રહ્યા છે. આના કારણે ઘણા દેશો માટે ઉર્જા સંકટ સર્જાયું છે. તાજેતરમાં, યમનના હુથી બળવાખોરોએ બે સાઉદી અરબના તેલ ટેક્રરો પર હુમલો કર્યો. હુથી બળવાખોરોએ જાહેરાત કરી છે કે યમન નજીક લાલ સમુદ્ર અને એડનના અખાતને જોડતો બાબ અલ-મંડેબ સ્ટ્રેટ સાઉદી અરબના જહાજો માટે બંધ છે. દરમિયાન, ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધે હોર્મુઝની સામુદ્રધુનીને અસર કરી છે, જહાજો પર હુમલાઓને કારણે ત્યાં પણ કટોકટી ઊભી થઈ છે.

ઈરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીએ ટ્રમ્પની જાહેરાત પર પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું, "વર્તમાન પરિસ્થિતિ સાથે કોઈ લેવાદેવા ન હોય તેવા ભવિષ્યના દાવાઓ માટે બીજા દેશની સંપત્તિ જપ્ત કરવી એ ઉશ્કેરણીજનક ઉદાહરણ સ્થાપિત કરે છે. જે લોકો ઉજવણી કરે છે અથવા આવા ભંડોળનો લાભ મેળવે છે તેઓએ યાદ રાખવું જોઈએઃ એકવાર સરકારો સંપત્તિ જપ્તીને સામાન્ય બનાવશે, પછી કોઈની મિલકત સુરક્ષિત રહેશે નહીં.

# મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં દિલ્હી, યુપી અને પંજાબમાં ૮ સ્થળોએ ઈડીના દરોડા

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના લખનૌ ઝોનલ ઓફિસે આજે (શુક્રવારે) સંતોષ ઓવરસીઝ લિમિટેડ અને તેની સંલગ્ન કંપનીઓ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ હેઠળ તપાસના સંદર્ભમાં દરોડા પાડ્યા હતા. દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પંજાબમાં અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

આ ઈઢ તપાસ બેંકોના જૂથમાંથી આશરે રૂ. ૪૫૦ કરોડના કથિત બેંક છેતરપિંડી સાથે સંકળાયેલા સીબીઆઈ કેસ સાથે જોડાયેલી છે. તપાસમાં બહાર આવ્યું છે કે લોન ભંડોળ કથિત રીતે શેલ કંપનીઓ, રહેઠાણ પ્રવેશ ઓપરેટરો અને અન્ય કંપનીઓના નેટવર્ક દ્વારા નકલી ઈન્વોઈસ અને સર્ક્યુલર નાણાકીય વ્યવહારો દ્વારા વાળવામાં આવ્યું હતું. લેયરિંગ પણ કાર્યરત હતું.

નોંધનીય છે કે ઈડી ટીમો દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પંજાબમાં ૮ સ્થળોએ દરોડા પાડી રહી છે, જેમાં પ્રમોટર્સ, સંબંધિત કંપનીઓ અને સુવિધા આપનારાઓના પરિસરનો સમાવેશ થાય છે. સર્ચ ઓપરેશન ઝડપથી આગળ વધી રહ્યું છે. વધુ તપાસ ચાલુ છે.

શેલ કંપનીઓ એવી કંપનીઓ છે જે ફક્ત કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે અને વાસ્તવમાં કોઈ વ્યવસાય કરતી નથી. તેમની પાસે કોઈ ઓફિસ નથી, અને તેમના કર્મચારીઓ ફક્ત કાગળ પર કામ કરે છે. શેલ કંપનીઓનો ઉપયોગ ઘણીવાર છેતરપિંડી કરવા માટે થાય છે, જેમ કે અસંખ્ય કિસ્સાઓમાં પુરાવા મળે છે.

# કોર્ટ કાર્યવાહીના વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવશે તો કાર્યવાહી કરવામાં આવશે : સુપ્રીમ કોર્ટ

## સંબંધિત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અથવા સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલની પૂર્વ મંજૂરી લેવી જરૂરી

નવીદિલ્હી,

ભારતના મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે તેના આદેશમાં જણાવ્યું હતું કે કોર્ટ કાર્યવાહીના રેકોર્ડિંગને પરવાનગી વિના સોશિયલ મીડિયા અથવા કોઈપણ ડિજિટલ પ્લેટફોર્મ પર પોસ્ટ, રિપોસ્ટ, અપલોડ અથવા શેર કરી શકાશે નહીં. વધુમાં, આવા વીડિયોનું મુદ્રીકરણ પણ પ્રતિબંધિત રહેશે. કોર્ટે જણાવ્યું હતું કે સંબંધિત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અથવા સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલની પૂર્વ મંજૂરી જરૂરી રહેશે.

સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે કોર્ટના લાઈવ-સ્ટ્રીમમાંથી ટૂંકી ક્લિપ



કાઢવા, તેને સંપાદિત કરવા, તેમાં ફેરફાર કરવા અથવા તેને અલગ રીતે રજૂ કરવાની પરવાનગી વિના મંજૂરી આપવામાં આવશે નહીં. આનો અર્થ એ છે કે કોઈ પણ કોર્ટ કાર્યવાહીના કોઈપણ ભાગને સંપાદિત અથવા બદલી શકશે નહીં અને તેને સોશિયલ મીડિયા, યુટ્યુબ અથવા અન્ય કોઈપણ ડિજિટલ પ્લેટફોર્મ પર અપલોડ કરી શકશે નહીં. કોર્ટ માને છે કે આવા અપૂર્ણ અથવા બદલાયેલા વીડિયો ગેરસમજ ફેલાવી શકે છે અને ન્યાયિક પ્રક્રિયાને અસર કરી શકે છે, અને તેથી, આવા કેસ પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે.

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં એમ પણ કહ્યું હતું કે આ નિર્ણય અંગેની માહિતી બધાને ઉપલબ્ધ કરાવવી જોઈએ. આ માટે, સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલ અને તમામ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને આ આદેશને તેમની સંબંધિત કોર્ટની સત્તાવાર વેબસાઈટ પર પ્રકાશિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જોકે, કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ આદેશ સમાચાર રિપોર્ટિંગને અસર કરશે નહીં.

# હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતીમાં ટાટા સુમો પર પથ્થર પડતાં ૧૩ લોકોના મોત : ૨ લોકો ઘાયલ

## કાદુ નાલા નજીક ટેકરીનો મોટો ભાગ અચાનક તૂટી પડતા દુર્ઘટના સર્જાઈ

શિમલા,

હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતીમાં પાંગી-ઉદયપુર રોડ પર એક મોટો અકસ્માત થયો. ટાટા સુમો વાહન પર પથ્થર પડતાં ૧૩ લોકો માર્યા ગયા. અન્ય બે લોકો ઘાયલ થયા. લાહૌલ સ્પીતી પોલીસે અકસ્માતની પુષ્ટિ કરી છે. હાલમાં, લાહૌલ-સ્પિતિ પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. અહેવાલો અનુસાર, આ ઘટના લાહૌલ ખીણથી લગભગ ૬૦-૭૦ કિમી દૂર કુદુનાલા નજીક બની હતી. ટેકરી પરથી મોટા ખડકો ચાલતી ટાટા સુમો



પર પડ્યા હતા. કાટમાળમાંથી એક વ્યક્તિને ઘાયલ હાલતમાં બચાવી લેવામાં આવ્યો હતો.

ભરમૌરના ધારાસભ્ય જનક રાજે જણાવ્યું હતું કે તેમણે ચંબા અને લાહૌલ-સ્પિતિ જિલ્લા મેજિસ્ટ્રેટને રાહત કામગીરી ઝડપી બનાવવા વિનંતી કરી છે, અને પોલીસ અને બચાવ ટીમોને ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. અહેવાલો અનુસાર, પીડિતો ચંબાનાં રહેવાસી હતા. આ અકસ્માત ઉદયપુર-કિલાડ રોડ પર કાદુ નાલા પાસે થયો હતો. કુલ્લુથી પાંગી જતી એક ટેક્સી અચાનક ભૂસ્ખલનમાં દટાઈ ગઈ હતી. એક ઘાયલ વ્યક્તિને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો છે, જ્યારે પોલીસ અને બચાવ ટીમો અન્ય મુસાફરોની શોધ કરી રહી છે.

ઉદયપુર-કિલાડ રોડ એક દિવસ પહેલા ભૂસ્ખલનને કારણે બંધ થઈ ગયો હતો. આ કારણોસર, ટેક્સીમાં સવાર તમામ મુસાફરો ટીંડીમાં ફસાયા હતા.

# યુએસ-કેનેડા ડ્રગ હેરફેરની તપાસમાં ભારતીય મૂળના એક ડઝનથી વધુ શંકાસ્પદોની ધરપકડ

## કેનેડિયન અને અમેરિકન કાયદા અમલીકરણ વિભાગ દ્વારા ૧.૭ ટન ગેરકાયદેસર ડ્રગ્સ જપ્ત કરવામાં

ટોરોન્ટો,

કેનેડિયન અને અમેરિકન કાયદા અમલીકરણ વિભાગ દ્વારા સરહદ પારની તપાસના ભાગ રૂપે ભારતીય મૂળના એક ડઝનથી વધુ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે, જેના પરિણામે લગભગ ૧.૭ ટન ગેરકાયદેસર ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે જેની અંદાજિત કિંમત આશરે CA$ ૧૪૦ મિલિયન (SD$ ૯૯.૪ મિલિયન) છે.

પ્રોજેક્ટ બે નામની તપાસના પરિણામોની જાહેરાતમાં, ઓન્ટારિયો પ્રાંતીય પોલીસ (OPP) એ જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા ડ્રગ્સમાં શંકાસ્પદ કોકેન, મેથામ્ફેટામાઈન અને અફીણનો સમાવેશ થાય છે "જે ઓન્ટારિયોમાં એક જ તપાસમાં સૌથી મહત્વપૂર્ણ ડ્રગ જપ્તીઓમાંની એક છે".

તેમાં ઉમેર્યું હતું કે આ "ગુપ્તચર-આગેવાની હેઠળની સંયુક્ત દળોની તપાસ" "આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાણ સાથે ગેરકાયદેસર ડ્રગ્સની આયાત અને હેરફેરને વિક્ષેપિત કરવા" પર કેન્દ્રિત છે.તપાસના સંદર્ભમાં ૨૧ શંકાસ્પદો પર ૧૦૨ આરોપો છે. તેમાં ગગનદીપ થિંડાલ, ૨૭, સિમરનજીત સિંહ, ૩૨, જતિન્દરપાલ સિંહ, ૩૯, જસવિંદર સોહી, ૫૫, તેજવિંદર સંધુ, ૨૯, તરમિન્દર સિંહ, ૧૯, ગુનદીપ તારીવાલ, ૩૨, મહેકપ્રીત સિંહ, ૨૪, અને કરણદીપ સિંહ, ૨૭, બધા ગ્રેટર ટોરોન્ટો વિસ્તારના બ્રેમ્પટનના રહેવાસીઓ, તેમજ લાસેલના કંવરપાલ કુલાર, ૩૨, કિચનરના હરજવિંદર સંધુ, ૩૩, બેરીના હનિન્દરપાલ ગ્રેવાલ, ૩૪, અને શેલબર્નના અવતાર સહોતા, ૫૪,નો સમાવેશ થાય છે.

પ્રોજેક્ટ બેની ઉત્પત્તિ ગયા વર્ષે જાન્યુઆરીમાં થઈ હતી જ્યારે વિન્ડસર પોલીસ સર્વિસે ડ્રગ-ટ્રાફિકિંગ તપાસ શરૂ કરી હતી, જેમાં એક મહિના પછી કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA) પણ જોડાઈ હતી. તપાસનો અવકાશ અને જટિલતા વિસ્તરતા, ઓન્ટારિયો પ્રોવિન્શિયલ પોલીસ (OPP) પણ રોકાયેલી હતી. જેમ જેમ તે આગળ વધતું ગયું, તેમ તેમ હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન્સ અને ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન સહિત યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સીઓએ તપાસના આંતરરાષ્ટ્રીય પાસાઓમાં મદદ કરી, જ્યારે ટોરોન્ટો પોલીસ સર્વિસ અને પીલ રિજનલ પોલીસે ઓપરેશનલ અને ઈન્વેસ્ટિગેટિવ સપોર્ટ પૂરો પાડ્યો.

## ભાવનગરના દરિયાકાંઠે ઉભરી આવી મેન્ગ્રુવની કુદરતી 'સુરક્ષા દિવાલ'

# લોકગેટથી લઈને ઘોઘા અને નર્મદ સુધી વિકસ્યો મેન્ગ્રુવનો કુદરતી સુરક્ષા કવચ

### દરિયાઈ આફતો અને ખારાશ સામે 'બુલંદ દિવાલ' બનતા મેન્ગ્રુવ વૃક્ષો: યુનેસ્કો દ્વારા દર વર્ષે ૨૬ જુલાઈએ ઉજવાય છે "આંતરરાષ્ટ્રીય મેન્ગ્રુવ ઈકોસિસ્ટમ સંરક્ષણ દિવસ"



ભાવનગર,તા.૨૫

દર વર્ષે ૨૬ જુલાઈના દિવસને વિશ્વભરમાં "આંતરરાષ્ટ્રીય મેન્ગ્રુવ ઈકોસિસ્ટમ સંરક્ષણ દિવસ" (વિશ્વ ચેર દિવસ) તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સંવેદનશીલ ગણાતી મેન્ગ્રુવ ઈકોસિસ્ટમના મહત્વ વિશે જાગૃત કરવાનો અને તેના ટકાઉ સંરક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનો છે. 'પ્રકૃતિની સંરક્ષણ દિવાલો' અને 'દરિયાઈ કલ્પવૃક્ષ' ગણાતા મેન્ગ્રુવ વૃક્ષો દરિયાઈ કિનારાના વિસ્તારો માટે રક્ષક સમાન સાબિત થાય છે. આ વૈશ્વિક દિવસના અવસરે ભાવનગરના દરિયાકાંઠે કુદરતી રીતે તેમજ વન વિભાગના સતત પ્રયાસોથી મેન્ગ્રુવ વૃક્ષોનો વિશાળ બેલ્ટ ઉછરી આવ્યો હોવાના શુભ સમાચાર સામે આવ્યા છે.

ભાવનગર વન વિભાગના આરએફઓ ગલાણીના જણાવ્યા અનુસાર, ભાવનગર શહેર અને આસપાસના દરિયાઈ વિસ્તારોમાં વિશાળ સંખ્યામાં મેન્ગ્રુવ (ચેર) નો ઉછેર થયો છે. ભાવનગરમાં લોકગેટની બંને બાજુ, નિરમા ફેક્ટરીની પાછળ આવેલ રોણીયો ભાઠો-દરબારી ભાઠો, કાળાતળાવ અને ભાલના નર્મદ સુધી મેન્ગ્રુવના જંગલો ઉછર્યા છે. બીજી તરફ ઘોઘા રોરો ફેરી ટર્મિનલ સુધી આ અનોખો હરિયાળો બેલ્ટ વિકસ્યો છે. આ મેન્ગ્રુવ બેલ્ટ દરિયાઈ આપત્તિઓ વખતે સુરક્ષિત કવચની ભૂમિકા ભજવવાની સાથે જમીનનું ધોવાણ અટકાવવામાં અને દરિયાઈ ખારાશને આગળ વધતી રોકવામાં અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યો છે.

વર્ષ ૨૦૧૫માં યુનેસ્કો (UNESCO) ની જનરલ કોન્ફરન્સ દ્વારા આ દિવસની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી અને પ્રથમ વાર ૨૬ જુલાઈ ૨૦૧૬ના રોજ વૈશ્વિક સ્તરે આ દિવસ ઉજવાયો હતો. આ ખાસ તારીખ ૨૬ જુલાઈ ૧૯૯૮ના રોજ ઈક્વાડોરમાં મેન્ગ્રુવના જંગલો બચાવવાના આંદોલન દરમિયાન શહીદ થયેલા ગ્રીનપીસના કાર્યકર્તા 'હેહાવ ડેનિયલ નેનોટો'ની સ્મૃતિમાં પસંદ કરવામાં આવી હતી.

### મેન્ગ્રુવ ઈકોસિસ્ટમ સામે ઘેરાતા જોખમો

વૈશ્વિક રિપોર્ટ અનુસાર, માનવ પ્રવૃત્તિઓને કારણે સામાન્ય જંગલો કરતાં મેન્ગ્રુવના જંગલો ખૂબ જ ઝડપથી નષ્ટ થઈ રહ્યા છે. જેની પાછળ દરિયા કિનારે થતું અનિયંત્રિત બાંધકામ, શહેરીકરણ, ઝીંગા ઉછેર (Shrimp Farming) માટે જંગલોની કટાઈ, બળતણ માટે લાકડાનો દુરુપયોગ, પ્લાસ્ટિક પ્રદૂષણ અને કેમિકલયુક્ત પાણી દરિયામાં છોડવા જેવા મુખ્ય કારણો જવાબદાર છે. આ પરિસ્થિતિમાં ભાવનગરમાં મેન્ગ્રુવના વૃક્ષોનો ઉત્તરોત્તર વધતો વ્યાપ પર્યાવરણીય દ્રષ્ટિએ આશાસ્પદ અને આવકારદાયક પાસું છે.

★ **કુદરતી આપત્તિઓ સામે રક્ષણ:** ચક્રવાત, સુનામી, તીવ્ર વાવાઝોડું અને દરિયાઈ રાક્ષસી મોજાંઓની ગતિ ધીમી પાડીને કાંઠાના વિસ્તારોને જાનમાલના નુકસાનથી બચાવે છે.

★ **અદભુત 'બ્લુ કાર્બન' સિંક:** સામાન્ય જંગલોની સરખામણીએ મેન્ગ્રુવના જંગલો વાતાવરણમાંથી ૩ થી ૫ ગણો વધુ કાર્બન ડાયોક્સાઈડ શોષીને સંગ્રહિત કરે છે.

★ **જમીનનું ધોવાણ અને ખારાશ અટકાવવી:** તેના ગૂંચવાયેલા મૂળ દરિયાઈ મોજાંના લીધે થતું જમીનનું ધોવાણ અટકાવે છે અને ભૂગર્ભ જળમાં ખારાશને આગળ વધતી રોકે છે.

★ **જૈવવિવિધતાનું આશ્રયસ્થાન:** તે માછલીઓ, કરચલા, ઝીંગા, દરિયાઈ સાપ તેમજ અનેક પ્રજાતિના પક્ષીઓ માટે પ્રજનન કેન્દ્ર અને નર્સરી સમાન છે.

# માસુમ બાળકોના મનમાં કોમવાદનું ઝેર ઘોળનાર મૌલાનાને સાથે રાખી SOGની ભરૂચમાં તપાસ

### સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા પણ સઘન પૂછપરછ : બાળકોના મનમાં ઝેર ઘોળતા વાંધાજનક સાહિત્યના મુદ્દે સ્થાનિકો અને વાલીઓના નિવેદનો નોંધાયા

ભાવનગર,તા.૨૫

ભાવનગર નજીક આવેલ સિદસરના ૨૫ વારિયા વિસ્તારમાં ચાર દિવસ પૂર્વે મેગા કોમ્બિંગ દરમિયાન સામે આવેલા ગેરકાયદેસર મદ્રેસા પ્રકરણમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને દેશની સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નંબર ૧૧૦, ૧૧૧ અને ૧૧૨માં હેતુફેર કરીને ચલાવાતા આ મદ્રેસામાંથી ૨૬ વર્ષીય મૌલવી મોહમ્મદ શરીફ અબ્બાસભાઈ મરેડિયા (મૂળ રહે. બાદરગઢ, તા. પાલનપુર) ની ધરપકડ કરવામાં આવી હતી.

મૌલાનાના કબજામાંથી ઉર્દૂ અને અરેબિક ભાષાના ૧૫ પુસ્તકો તેમજ ૬૦ પાનાની હસ્તલિખિત ડાયરી સહિતનું વાંધાજનક સાહિત્ય જપ્ત કરાયું હતું. આ સાહિત્ય બાળકોના મનમાં ઝેર ઘોળવા માટે વપરાતું હોવાનો ખુલાસો થતાં વરતેજ પોલીસ મથકે ગુનો નોંધી તમામ સામગ્રી FSL તપાસ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. હાલ ૧૦ દિવસના રિમાન્ડ હેઠળ રહેલા મૌલાનાની શંકાસ્પદ ભૂમિકાને લઈ સેન્ટ્રલ એજન્સીઓ પણ પૂછપરછ કરી રહી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ બનાસકાંઠાનો આ મૌલાના ભાવનગર આવ્યા પૂર્વે ભરૂચ ખાતે રહીને અભ્યાસ કરતો હતો. ભરૂચથી જ તેને લાવવામાં આવ્યો હોવાથી તેના તાર ક્યાં-ક્યાં જોડાયેલા છે તે શોધવા ભાવનગર SOG ની ખાસ ટુકડી મૌલાનાને સાથે રાખી ભરૂચ જશે અને સ્થાનિક પોલીસ સાથે મળીને સંવેદનશીલ વિસ્તારોમાં સઘન તપાસ ચલાવશે.નોંધનીય છે કે, મૌલાનાને ભાવનગર લાવનાર અને ફંડિંગ પૂરું પાડનાર ભાવનગરના યુસુફ આરીફનાઈ મારફાણી તથા અનસ મોહંમદસીદીક લાખાણીની ધરપકડ કરી જેલહવાલે કરાયા છે. હાલ પોલીસ દ્વારા સ્થાનિક રહીશો, વિદ્યાર્થીઓ અને વાલીઓના નિવેદનો નોંધવાની કામગીરી ચાલુ છે.

# શેત્રુંજી ડેમ ચોમાસાની સીઝનમાં ફરી છલકાયો, તમામ ૫૯ દરવાજા ખોલાયા બાદ આજે સવારે ૨૦ દરવાજા ખુલ્લા

ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ચાલુ ચોમાસાની સીઝનમાં બીજી વખત પૂર્ણ સપાટીએ છલકાયો છે. ઉપરવાસમાંથી ભારે પાણીની આવક થતાં ગઈકાલે શુક્રવારે બપોરે સૌપ્રથમ ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ત્યારબાદ પાણીનો પ્રવાહ વધતાં રૂલ લેવલ જાળવવા ડેમના તમામ ૫૯ દરવાજા ખુલ્લા મૂકવાની ફરજ પડી હતી. આજે સવારથી ઉપરવાસમાં પાણીની આવક ઘટતાં તંત્ર દ્વારા તબક્કાવાર દરવાજા બંધ કરવામાં આવ્યા હતા. જેમાં સવારે ૯ કલાકે ૨૦ દરવાજા બંધ કરી ૩૯ દરવાજા ખુલ્લા રખાયા હતા. ત્યારબાદ ૧૧ વાગ્યે આવક વધુ ઘટતાં ખુલ્લા દરવાજાની સંખ્યા ઘટાડીને ૨૦ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આશરે વીસ દિવસ પૂર્વે જ શેત્રુંજી ડેમ ઓવરફ્લો થયો



હતો અને હવે ફરી એકવાર છલકાતાં નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે.

# ભાવનગરનો રીઢો ગુનેગાર પાસા હેઠળ ભુજ જેલહવાલે

### ઘોઘારોડ પોલીસે શારીરિક ગુનાઓ આચરતા શખ્સ વિરુદ્ધ કાર્યવાહી કરી



ભાવનગર,તા.૨૫

ભાવનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ શરીર સંબંધી ગુનાઓ આચરતા અસામાજિક તત્વોને નાથવા પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક નિતેષ પાંડેય અને સિટી ડીવાયએસપી આર.આર. સિંઘાલ દ્વારા આવા તત્વો સામે પાસા હેઠળ કડક કાર્યવાહી કરી જેલમાં ધકેલી દેવા સૂચના આપવામાં આવી હતી.આ સૂચનાના પગલે, ઘોઘારોડ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એન. દેસાઈ દ્વારા અવારનવાર શારીરિક ગુનાઓ આચરતા એક રીઢા શખ્સ સંજયભાઇ સુખાભાઇ ખાંભલીયા ઉ.વ. ૩૪, રહે. વડવાળા ચામુંડા માતાના મંદીરની સામે, સ્મશાન રોડ, સિન્ધુનગર, ભાવનગર વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટે આ દરખાસ્ત મંજૂર કરી પાસા વોરંટ ઈશ્યુ કર્યું હતું. જેમાં પોલીસે વોરંટની બજવણી કરી આરોપીની અટકાયત કરી ખાસ જેલ, ભુજ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# ભાવનગર શહેર-જિલ્લામાં વરસાદી માહોલ યથાવત

ભાવનગર,તા.૨૪

ભાવનગર શહેર તથા જિલ્લામાં પણ ગઈકાલે શુક્રવારે અડધાથી બે ઈંચ વરસાદ પડ્યો હતો.જોકે રાજ્યના હવામાન વિભાગ દ્વારા આજે શનિવારે પણ રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. જેમાં આજે બપોર સુધીમાં જિલ્લામાં કેટલાક તાલુકામાં હળવો-ભારે વરસાદ પડ્યો છે.

છેલ્લા એકાદ સપ્તાહથી ભાવનગર શહેર અને જિલ્લામાં વરસાદી વાતાવરણ વચ્ચે મેઘરાજા પોતાનું હેત વરસાવી રહ્યા છે ગઈકાલે શુક્રવારે જિલ્લાના સિહોર અને ગારિયાધાર પંથકમાં ૨-૨ ઈંચ વરસાદ પડ્યો હતો જયારે ભાવનગર શહેર સહીત અન્ય તાલુકાઓમાં અડધાથી લઈને સવા ઈંચ વરસાદ પડ્યો હતો. આજે સવારથી પણ ગોહિલવાડમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે . અને બપોર સુધીમાં ભાવનગર શહેર ઉપરાંત વલભીપુર, સિહોર અને તળાજા પંથકમાં જોરદાર ઝાપટા વરસ્યા છે. સતત વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

# વિક્ટોરિયા પાર્કની દીવાલ ૩ જગ્યાએથી ધરાશાયી કોર્પોરેશને વાવેલ વૃક્ષો પણ ઢળી પડયા

### કોર્પોરેશને દીવાલને અડીને વાવેલા વૃક્ષો પણ જમીનદોસ્તઃ વન વિભાગ કે મ્યુ. તંત્રએ વૃક્ષોને પુનઃ બેઠા કરવાની તસ્દી ન લીધી



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૫

ભાવનગરમાં કોઈ વિનાશક વરસાદ ન પડ્યો હોવા છતાં, સામાન્ય ભારે વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ શહેરના રક્ષિત જંગલ એવા વિક્ટોરિયા પાર્કની સુરક્ષા દીવાલ ત્રણ અલગ-અલગ જગ્યાએથી ધરાશાયી થઈ ગઈ હતી. થોડસ દિવસો પૂર્વેની આ ઘટનાને પગલે દીવાલના બાંધકામની મજબૂતાઈ અને ગુણવત્તા સામે ગંભીર શંકાઓ ઊભી થઈ છે.

બીજી તરફ, મહાનગરપાલિકાના આયોજન વગરના વનરાજી અભિયાનના લીધે પર્યાવરણને વધુ નુકસાન પહોંચ્યું છે. ઈસ્કોન ક્લબ રોડ પર વિક્ટોરિયા પાર્કની દીવાલને અડીને જ કોર્પોરેશન દ્વારા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. દીવાલના પાયામાં જ વૃક્ષો વાવવામાં આવ્યા હોવાથી, દીવાલ ધરાશાયી થવાની સાથે આ તમામ વૃક્ષો પણ જમીનદોસ્ત થઈ ગયા છે.

સરકાર દ્વારા એક તરફ 'વૃક્ષ વાવો અને પર્યાવરણ બચાવો'ના નારા લગાવવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ વન વિભાગ કે કોર્પોરેશન તંત્રમાંથી એક પણ એજન્સીએ જમીનદોસ્ત થયેલા આ વૃક્ષોને ફરીથી ઊભા કરવાની તસ્દી સુદ્ધાં લીધી નથી. તંત્રની આ બેદરકારી અને આયોજનવિહીન કામગીરી સામે સ્થાનિકો તથા પર્યાવરણપ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

